સતપંથ જ્યોત



વર્ષ : ૨
અંક : ૯
સળંગ અંક : ૨૧

જુલાઈ
૧૯૯૫



: પ્રકાશક :
સતપંથ પ્રકાશન સમિતિ
શ્રી સતપંથ પ્રેરણાપીઠ, પીરાણા-૩૮૨૪૨૫
તા. દસક્રોઈ, જિ. અમદાવાદ.

સતપંથ જ્યોત

ૐ

વર્ષ : ૨
અંક : ૯
સળંગ અંક : ૨૧

જુલાઈ
૧૯૯૫

: પ્રકાશક :
સતપંથ પ્રકાશન સમિતિ
શ્રી સતપંથ પ્રેરણાપીઠ, પીરાણા-૩૮૨૪૨૫
તા. દસક્રોઈ, જિ. અમદાવાદ.

* પ્રાર્થના *

-કું. શકુન્તલા આર. પટેલ, ગાડુકંપા ખેડબ્રહ્મા

"જીવન જ્યોત જગાવો"

જીવન જ્યોત જગાવો પ્રભુ હે,
જીવન જ્યોત જગાવો;
ટચૂકડી આ આંગળીઓમાં,
ઝાઝુ જોર જમાવો....(૨)

આ નાનકડા પગને વેગે, ભમતા જગત બનાવો;
અમને રડવડતાં શિખવાડો...પ્રભુ હે....

વણ દીવે અંધારે જોવા, આંખે તેજ ભરાવો;
વણ જહાજે દરિયાને તરવા, બળ બાહુમાં આપો.
અમને ઝળહળતા શિખવાડો....પ્રભુ હે....

ઊગતા અમ મનનાં ફૂલડાંને, રસથી સભર બનાવો;
જીવનના રંગો પ્રગટાવો, પીંછી તમારી બનાઓ;
અમને મઘમઘતાં શિખવાડો....પ્રભુ હે...

જીવન જ્યોત જગાવો, પ્રભુ હે....
જીવન જ્યોત જગાવો....

વાર્ષિક લવાજમ : ભારતમાં રૂા. ૪૨/-	વિદેશમાં : રૂા. ૧૮૫/-
આજીવન ગ્રાહક : ભારતમાં રૂા. ૪૫૧/-	વિદેશમાં : રૂા. ૧૪૦૦/-
અમર ગ્રાહક : ભારતમાં રૂા. ૧૦૦૧/-	વિદેશમાં : રૂા. ૩૦૦૧/-

છુટક નકલ રૂા. ૪/-

° સતપંથ જ્યોત દર મહિનાની દશ તારીખે પ્રગટ થશે. ° ગ્રાહકે પોતાના સરનામામાં ફેરફાર કરવાનો હોય તો નીચેના સરનામે પત્રથી જાણ કરશો. ° પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર અવશ્ય જણાવશો. • ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. ° પોતાના ગામના અંકોના વિતરણ કાર્યમાં સેવા આપનાર વ્યક્તિએ પોતાનું નામ અને સરનામું જણાવવું.

પત્રવ્યવહાર તથા લવાજમનું સરનામું :-સતપંથ પ્રકાશન સમિતિ
સતપંથ પ્રેરણાપીઠ, પીરાણા, તા. દસક્રોઈ જિ. અમદાવાદ 382425

ટેલીફોન STD | 02718-88-227
02718-88-229

સંપાદક :- શ્રી સામજીભાઈ કે. પટેલ

મુદ્રક : નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ-૧. ટે. નં. ૩૬૩૬૩૧

realpatidar.com

સતપંથ સંપ્રદાયનું ધાર્મિક પ્રેરણા આપતું માસિક

સતપંથ-જ્યોત

[માસિક]

વર્ષ ૨] અંક ૯ * જુલાઈ-૧૯૯૫ * [સળંગ અંક ૨૧

— લેખકોને વિનંતી —

સતપંથ જ્યોત, સતપંથ સંપ્રદાયની માસિક પત્રિકા છે. તેમાં સંપ્રદાયને તથા સર્વોપયોગી થાય તેવી મુખ્યત્વે વાર્તા, લેખ, જીવન વૃત્તાંત, કાવ્ય, ભજન વગેરે કૃતિઓ પ્રગટ થાય છે. જે સાદી-સરળ ભાષામાં આલેખાયેલી હોવી જોઈએ.

અન્યત્ર પ્રગટ થઈ ગયેલી કે, કોઈ પત્ર-પત્રિકામાં છપાયેલી કૃતિઓ સ્વીકારવામાં આવશે નહીં.

કૃતિઓ ફુલસ્કેપ કાગળ ઉપર એક જ બાજુએ સારા અક્ષરે લખાયેલી હોવી જોઈએ. લખાણની તમામ જવાબદારી લેખકની રહે છે. પોસ્ટ કાર્ડ કે અંતરદેશીય પત્ર પર લખેલા લેખ રદ બાતલ ગણાશે.

પોતાનો લેખ અંકમાં ફરજિયાત પ્રગટ થાય તેવો આગ્રહ રાખવો નહીં.

સતપંથ જ્યોતમાં પ્રગટ થતા બધા લેખો સાથે સંપાદક હંમેશાં સહમત છે તેમ માનવું નહિ. લેખ પ્રસિદ્ધ કરવો કે નહિ, તે સંપાદકને આધિન છે.

—સંપાદક

સંપાદકીય



શ્રી ઈમામશાહ મહારાજની અસિમકૃપાથી અને પ. પૂ. વિરવર આચાર્ય શ્રી કરસનદાસજી મહારાજના આશીર્વાદથી ગત ઉનાળુ વેકેશનમાં જે વેકેશન વિઝીટ કાર્યક્રમ યોજાયો તેમાં હું કંપા-કંપે અને ગામો ગામ ફરી વહાલાં શિબિરાર્થીઓનાં ભવિષ્ય ઉજ્જવળ કરવા માટે ઉત્સાહી વડીલો સાથે કુટુંબ ભાવનાથી સહકાર માંગવા આવ્યો તેમાં મને જે પ્રેમ અને આનંદ મળ્યો તે ક્યારેય વિસરાય તેમ નથી. કારણ કે ઉત્સાહી વડીલો, માતાઓ, યુવાન ભાઈ-બહેનો અને શિબિરાર્થીઓ પાસેથી મારા જીવનમાં જે અધુરાસ હતી તેવી ઘણી-ઘણી બાબતો શિખવા મળી છે. આ કાર્યક્રમ દરમ્યાન હજારો ધર્મ-પ્રેમી ભાઈ-બહેનોનાં દર્શન થયાં. વિશેષમાં જે શિબિરાર્થી બાલ-બાલિકાઓમાં સાચા-સ્વરૂપ-બ્રહ્મ સ્વરૂપ છે. તેની સાક્ષાત મને અનુભૂતિ થઈ છે.

"વેકેશન વિઝીટ કાર્યક્રમમાં શિબિરાર્થી બાળકોની હોંશ-ધગશ અને ઉત્સાહ જોઈ હું ગદ્‌ગદ્‌ જઈ જતો હતો....!! મનમાં ને મનમાં વિચાર કરતો હતો કે જુઓ તો ખરા આ બાળકોમાં કેટકેટલી શક્તિ છુપાયેલ પડી છે. આ છુપા સ્વરૂપે પડેલી શક્તિને જાહેર જીવન અને બ્રહ્મ-કળા માટે ઢંઢોળવામાં આવે તો જે આપણા સદ્‌ગુરૂ શ્રી ઈમામશાહ મહારાજે અનંત કરોડી ભક્તો મોક્ષગતિ પામશે !! તે વાત અક્ષઃત સાચી પડે !!!

(અનુસંધાન પાન ૭ ઉપર)

✲ મન ચિંતામણી પુસ્તકમાંથી ✲

(શ્રી ઈમામશાહ મહારાજ રચીત)

[ગતાંકથી ચાલુ....]

વિષય સાથે જહાં લગી મન હોય
તો હરીહામનાં બેસે કોએ....... (૧)
સર્વ ધર્મ ષટ દર્શન કામ,
કુળની ક્રિયાએ ન મલે શ્યામ... (૨)
મુનિવર સાચો સાધન એક વૈરાગ્ય,
ન એ પ્રગટે અંતરે વણ ભાગ્ય.... (૩)
જ્યાં વૈરાગ્ય ત્યાં રિદ્ધિ ને સિદ્ધિ,
જ્યાં વૈરાગ્ય ત્યાં નવ નિદ્ધિ .... (૪)
સકળ પદાર્થ વૈરાગ્ય જાણુ,
મુનિવર અંતરે સાધન પ્રણામ.... (૫)
તુંહી સાચા સાહેબ હો....
સાધન કરો વૈરાગ્યનું,
તો સકળ પદાર્થ હોય,
વણ વૈરાગ્યે માનવી,
અર્થ સરે ના કોય. (૩૭)
વણ વૈરાગ્યે અર્થ ના સરીયે,
વણ વૈરાગ્યે મને ભટકતા ફરીયે....(૧)
વણ વૈરાગ્યે નવ ટળે અભિમાન,
વણ વૈરાગ્યે નવ મલે નિજ જ્ઞાન...(૨)
વિવેક, વિચાર, વૈરાગ્ય, ધ્યાન,
સકળ પદાર્થ એ ચારે મન... (૩)
એ ચાર વાચક હૃદયમાં ધરીયે,
મુનિવર અંતરમાં હરિને વરીયે.... (૪)
સર્વ સાધનમાં મુખ્ય વિવેક,
જે થકી ટળે અજ્ઞાન અનેક .... (૫)
તુંહી સાચા સાહેબ હો....
અજ્ઞાન ટળે સત્ય જ્ઞાનથી,
મન પામે અવિચલ ઠામ,
તેને ના ઉપજે ઉરથી,
અહાંકાર ક્રોધ ને કામ, (૩૮)

ક્રમશ–આવતા અંકે

❋ શ્રી સદ્‌ગુરૂ ઈમામશાહ મહારાજ જીવન વૃત્તાંત ❋

(ગતાંકથી ચાલુ)

એક દિવસ ઇમામશાહ મહારાજના ચમત્કારોની વાત આ વેપારીના કાને ગઇ, તેથી તે પોતાના મુંગા દીકરાને લઈ નિશાળમાં ઇમામશાહ મહારાજ પાસે ગયો અને કહ્યું કે હું તમારે શરણે આવ્યો છું. કૃપા કરી મારા આ મુંગા દીકરાને વાણી આપો અને તે બહેરાને સાંભળતો કરો. આપનો મહિમા અગાધ છે માટે કૃપા કરી મારું આ દુઃખ દૂર કરો.

વીરચંદની આ વિનંતી સાંભળી ઇમામશાહ બોલ્યા 'તારુ અને તારા દીકરાનું કલ્યાણ થશે.' સદ્‌ગુરુના મુખેથી આ શબ્દ નીકળતા જ એનો દીકરો બોલવા અને સાંભળવા લાગ્યો. આ રીતે વીરચંદ શેઠ અને તેમના દીકરાનું દુઃખ કાયમનું દૂર થયું અને આનંદથી આભાર માનતા ઘેર ગયા.

એક દિવસે ઇમામશાહ મહારાજ શહેરની શોભા જોતા હતા, ત્યારે એક સ્ત્રી તેમની પાસે આવી અને કહ્યું-'ગુરુ મહારાજ આપને નમસ્કાર કરૂં છું. મારા આ આંધળા દીકરાને દૃષ્ટિ મળે એવી કૃપા કરો. આ સેવિકા ઉપર દયા કરો.'

ઇમામશાહ મહારાજે કહ્યું કે આ જન્મથી જ આંધળો હોવાથી કંઈ પણ ઇલાજનો ઉપયોગ થશે નહીં. તેથી તે સ્ત્રીએ કરગરીને આજીજીપૂર્વક કહ્યું કે "મહારાજ મેં ઘણી દવાઓ કરી પણ કંઇ અસર થઈ નહીં. હું આપને શરણે આવી છું. મારો આ એકનો એક દીકરો આંધળો છે તે સારો નહીં થાય તો એનો જન્મ ફોગટ જશે તેથી મારા ઉપર દયા કરી મારું આ દુઃખ દૂર કરો. એ સ્ત્રીના કાલાવાલા સાંભળી ઇમામશાહએ કહ્યું-સ્ત્રી આટલો વિલાપ કેમ કરે છે? શી ઇચ્છા છે તે મને કહો?"

તે સ્ત્રી બોલી, મારું નામ કેશર છે, ખત્રી-ક્ષત્રિય જાતિની છું. મારો આ દીકરો ધનુ જન્મથી જ આંધળો હોવાથી હું ઘણી દુઃખી છું. મારા ઉપર દયા કરો' એમ કહી વિલાપ કરવા લાગી. ઇમામશાહે તેને અભય આપતા કહ્યું. 'આ છોકરો રાત્રે સૂઇ સવારે ઉઠશે ત્યારે તેને દૃષ્ટિ આવેલી છે એમ તું જોઇશ.

તે સ્ત્રી આનંદથી ઘેર ગઇ. રાત ક્યારે થશે અને સૂર્યોદય ક્યારે થશે એવું તેને થયું. તે ઇશ્વરનું નામસ્મરણ કરવા લામી. સૂર્યોદય થવાની સાથે જ તેનો પણ ભાગ્યોદય થયો. કારણ છોકરો ઊંઘમાંથી જાગૃત થતાં જ તેને એકદમ પ્રકાશ દેખાવા લાગ્યો. તેને દૃષ્ટિ આવી એ જાણી મા ખૂબ આનંદમાં આવી અને સદ્‌ગુરુના ગુણગાન ગાવા લાગી. તેનું દુઃખ કાયમનું દૂર થવાથી તેણે અન્નદાન કર્યું. અને ઇમામશાહના યશોગાન કરવા લાગી.

આ પ્રમાણે અનેક દુઃખીજનોના દુઃખ દૂર કરી તેમને સુખી કર્યા અને તેમણે લોકોના જીવનમાં પ્રકાશ પાથર્યો.

૪. ઇમામશાહનું પ્રખર અંતર્જ્ઞાન અને બ્રહ્મકળાની પ્રાપ્તિ :

"प्रियप्राया वृत्तिविनयमधुरो वाचि नियमः ।
प्रकृत्या कल्याणि मतिरनवगीतः परिचयः ॥
पुरो वा पश्चाद्वा तदिदमविपर्यांसितरसं ।
रहस्यं साधूनामनुपधि विशुद्धं विजयते ॥"

સંત પુરુષોનો કાયિક વ્યવહાર પ્રિય લાગવા જેવો હોય છે. વિનયના લીધે તેમની વાણી પણ મધુર હોય છે. અસત્ય બોલવાનું

ટાળવા ખાતર મિત ભાષણ કરે છે. તેમની વાણી કલ્યાણકારી અને સંગ નિર્દોષ હોય છે. આ રીતે સંતોનું રહસ્ય ભૂતકાળ તેમજ ભવિષ્યકાળમાં વિશુદ્ધ દંભ વગરનું અને વિજયી હોય છે.

ઇ.સ. ૧૪૪૮ સાલની વાત છે. એક દિવસે સવારે પિતાપુત્ર બેઠા હતા ત્યારે પિતાએ ઇમામશાહને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ ગુજરાતના લોકોને આપવા માટે જવાની આજ્ઞા આપી. મુસાફરી માટે તેમને રથ જેવી એક બળદગાડી અને સેવા માટે પોતાનો પરમશિષ્ય હાજરબેગને પણ તેમની સાથે મોકલ્યો. પિતાની આજ્ઞાનુસાર સદ્ગુરું ઇમામશાહ પોતાના સેવક સાથે ગુજરાત જવા નીકળ્યા તે વખતે તેમની ઉંમર માત્ર આઠ વરસની હતી. મુસાફરી કરતા કરતા તેઓ ૨૫૦ ગાઉ દૂર જઇ પહોંચ્યા.

એક દિવસે એટલે સંવત ૧૫૦૫ કારતક વદ ૪ના દિવસે મુસાફરી દરમિયાન રાત પડવાથી કશમોરા શહેરની નજીક કોટલી ગામે તેમણે મુકામ કર્યો. ત્યાં શહેરના ઘણા લોકો આવ્યાઃ બ્રહ્મજ્ઞાનની ચર્ચા થઇ, તેથી તે લોકો આનંદથી ડોલવા લાગ્યા. ગુરુજીનો ચહેરો અનુપમ તેજથી ખીલી ઉઠયો હતો.

ગુરૂજીના મુખકમળમાંથી બ્રહ્મોપદેશ વહેતો હતો, રાત્રે ૧નો સુમાર થયો હશે. એટલામાં એક આશ્ચર્યકારક બીના બની. ગુરૂજીએ ઉપદેશ આપવાનું એકાએક બંધ કર્યું અને ધ્યાનસ્થ બેઠા. તેમનો આશ્ચર્યકારક ચહેરો જોઇ શિષ્યજનોએ આ બધું શું બન્યું છે તે જણાવવા વિનંતી કરી. ઇમામશાહ બોલ્યા મારે હમણાંજ મુલતાન જવાની ઇચ્છા થઈ છે.

શિષ્યો બોલ્યા, "મહારાજ હમણા દોઢ વાગ્યાનો સુમાર છે. સવાર થશે એટલે જવા માટે કંઇ તજવીજ કરીશું."

ઇમામશાહ બોલ્યા "પિતાજી સ્વર્ગવાસી થયા છે. તેમના અંત્યવિધી માટે મારે જવું જ જોઈએ. વળી તેમની પાસેથી મને મારી 'પાંતી' (એટલે દૈવી દેણ અથવા કળા) લેવાની રહી છે તેથી તેમને સમાધી આપતા પહેલા મારે ત્યાં પહોંચવું જ જોઇએ."

લોકો બોલ્યા, "મુલતાન અહીંથી ૨૫૦/૩૦૦ ગાઉ દૂર છે તેથી ગમે તેટલી ઉતાવળ કરો છતાં તે વિધિ પહેલાં ત્યાં શી રીતે પહોંચી શકાશે. છતાં સવાર થશે એટલે એક સાંઢણી આપીશું."

સદ્ગુરૂ બોલ્યા કે, "સાંઢણીનો કશો જ ઉપયોગ નહીં થાય. કારણ કે તેથી બહુ મોડું થશે, મારે તો હમણાં જ નીકળવું જોઇએ. પિતાની અંત્યદર્શન કરવાની જેમને ઇચ્છા હોય તે પણ મારી સાથે ચાલો."

ક્રમશઃ –આવતા અંકે....

✻ કૃપા હોય જો ગુરૂદેવની.....! !! ✻

(બનેલી સત્ય ઘટનાઓ)

સતપંથ સંપ્રદાયના આદ્યગુરૂ શ્રી ઈમામશાહ મહારાજ તત્વજ્ઞાની અને સાથો સાથ મહાન તેજસ્વી સુફીસંત હતા. તેઓએ મેળવેલી યોગ્યસિદ્ધિ અને બ્રહ્મજ્ઞાન લોક કલ્યાણ અર્થે અતિ મહત્વના હતા. જે તેમના સેવકોના સુખદુઃખમાં સહભાગી બની શ્રદ્ધા અને સુખના પૂરક બની રહ્યા.

આજે પણ સદ્‌ગુરૂ શ્રી ઈમામશાહ મહારાજ ઉપર શ્રદ્ધા રાખનાર અનેક નર-નારી અબાલ વૃદ્ધ કદી નિરાશ થતાં નથી, તેમની મનોકામના ચોક્કસ પૂર્ણ થાય છે. તેમના પરચા કે જે સત્ય ઘટના બની છે તેમાંના કેટલાક પરચાઓ અમો આ અંકમાં રજૂ કરતાં હર્ષ અનુભવીએ છીએ :-

બોરમાંથી પાણી મળવાનો પરચો.

સદ્દગુરૂશ્રી ઈમામશાહ મહારાજની અસિમ કૃપાથી મિરજોલે (M.S.) શુભ સ્થળે હરેક રીતે ધંધામાં સેટ થઈ આનંદમય જીવન જીવતાં હતાં તેવામાં અમારી સો મીલમાં વર્ષોથી પાણી માટે જે બોર લગાવેલ હતો તેમાંથી અવિચત પાણી મળતું હતું !! તેવામાં અચાનક આ બોરમાંથી પાણી આવતું એકદમ બંધ થઈ ગયું !!! પાણી વગર અમો તો બેબાકળાં થઇ ગયાં !! અને સૌ ચિંતા કરવા લાગ્યાં કે હવે પાણી વગર શું થશે !! કેમ જીવાશે !! તાત્કાલિક પાણી પાપ્તિ માટે ઉપાય પણ શું કરવો ? આવી વિટંમણા- વિચારોમાં અટવાયા કરતાં હતાં તેવામાં સદ્દગુરૂ શ્રી ઈમામશાહ મહારાજને અંતઃકરણ પૂર્વક યાદ કરી પ્રાર્થના કરી કે હે ! સદ્દગુરૂ અમારાથી રિસાયેલ વરૂણ દેવે અમારાથી મોં ફેરવી લીધુ છે અમો સૌ હતાશ થયાં છીએ આપ આમાંથી યોગ્ય રસ્તો કાઢી વરૂણદેવની અમારા ઉપર કૃપા ઉતરે તેવી વિનંતી છે !!! જો આ શક્ય બનશે તો સદ્દગુરૂશ્રીના ગુરૂદ્વારે અન્નક્ષેત્રમાં રૂા. ૫૦૦/ની ભેટ મોકલી શું !!! આવી પતિજ્ઞા

-સંકલ્પ કર્યા બાદ જાણે ચમત્કાર થયો હોય તેમ ત્રીજા જ દિવસે સદ્દગુરૂશ્રી ઈમામશાહ મહારાજની અસિમ કૃપા થઈ વરૂણ દેવની મહેર થઈ !!! તેજ બોરમાં પાણી પહેલાંની જેમ જ અવિરત આવતું થઈ ગયું !! અમારા આનંદનો પાર ન રહ્યો. જે નિમિતે આજરોજ તા. ૩૧-૫-૯૫ના રોજ પોસ્ટથી ભેટની રકમ ગુરૂદ્વારે મોકલીએ છીએ !! સંજોગો વસાત રૂબરૂ આવી શકયા નથી સદ્દગુરૂશ્રી ને અમારા કોટી કોટી વંદન !!!

-પ્રેમજીભાઇ પટેલ મિરજોલે (M.S.)

સુખ રૂપ ડીલેવરી થવાનો પરચો.

સદ્દગુરૂશ્રી ઈમામશાહ મહારાજની અસિમ કૃપાથી અમારૂ સુખ રૂપ પસાર થતા દાંપત્ય જીવન કાળથી મને દિવસો ચડતા થયા !! પણ મને શરૂઆતથી જ શારીરીક-માનસિક તકલીફ થવા માંડી !! જેમ જેમ દિવસો વિતતા ગયા તેમ તેમ તકલીફ વધવા લાગી !!! ડોકટરની સારવાર લીધી પણ કોઈ ખાસ ફરક પડયો નહીં !! આખરે એક દિવસ વહેલી સવારે નિત્ય

કર્મથી પરવારી બ્રહ્મ મુહુર્ત સમયે જ્યોત પ્રગટાવી દુઃખીયાંના બેલી સદગુરૂશ્રી ઈમામશાહ મહારાજને અંતઃકરણથી યાદ કરી મારા દુઃખની રજુઆન કરી !! અને શ્રદ્ધા પૂર્વક સંકલ્પ કર્યો કે જો મને થતી તકલીફ દૂર થશે અને સુખરૂપ ડીલેવરી થઈ જશે તો આવનાર બાળક ને ગુરૂદ્વારે પગે લગાડીશું બાળકને સાકર ભારો ભાર તોળીશું !! અને યથા શક્તિ ભેટ ધરીશું !!! આવો સંકલ્પ કર્યા બાદ સદગુરૂશ્રીની મારા ઉપર મેહર થઈ !! મને એકદમ સારૂ થઈ ગયું. !! અને સમય જતાં સુખરૂપ ડીલેવરી થઈ મારે ત્યાં "લક્ષ્મી"નું આગમન થયું. ઘરમાં સગામાં બધે આનંદ આનંદ વરતાયો !!! જે નિમિતે આજરોજ તા. ૧૯–૬–૯૫ ના રોજ અત્રે આવી સંકલ્પ પ્રમાણે માનતા પૂર્ણ કરી ઋણ-મુકત થઈ છું. સદગુરૂશ્રીને મારા તન, મન ધનથી દંડવત પ્રણામ...!!!

મંગળાબેન વાલજીભાઈ રૂડાણી
નાના અંગીયા–કચ્છ

પુત્ર રત્ન પ્રાપ્તિનો પરચો.

સદગુરૂશ્રી ઈમામશાહ મહારાજની અસીમ કૃપાથી અમો અમદાવાદ–ઈસનપુર ખાતે રહી દરેક રીતે સાધન સંપનતાથી વેલસેટ થયા છીએ. પણ અમારે ત્યાં બધી વાતે સુખ હોવા છતાં " શેરમાટી " ની ખોટ હતી જેથી બધુ સુખ હોય છતાંય જીવનમાં કઈક અધુરાસ લાગતી હતી "અમો અવારનવાર સદ-ગુરૂશ્રી ઈમામશાહ મહારાજના સમાધિ સ્થળે દર્શનાર્થે આવતા રહેતાં એક દિવસ સંકોચ દૂર કરી સમાધિ પરના પુજારીને અમારા દુઃખની રજુઆત કરી." પુજારી એ આશ્વાસન આપી કહ્યું કે સદગુરૂશ્રીને ત્યાં કોઈ ખોટ નથી આપણો વિશ્વાસ અખુટ હશે તો જરૂર આપનું દુઃખ દૂર થશે જ !! અહીંથી એક ટેક લેતા જાવ કે જો આપને ત્યાં બાળકનું આગમન થાય તો સવા મહીને અત્રે દર્શનાર્થે આવજો બાળકને પગે લગાડજો પુજારીની સુચના મુજબ અમોએ સંકલ્પ કર્યો" અને આજે સાચે જ અમારે ત્યાં પુત્ર રત્નનું આગમન થયુ" અમો હર્ષ ઘેલા થઈ આજરોજ તા. ૧૭–૫-૯૫ ના રોજ અત્રે આવી સંકલ્પ પ્રમાણે માનતા પૂર્ણ કરી જન કલ્યાણ અર્થે યથાશકિત ભેટ ધરી ઋણ મુકત થયો છું. સદગુરૂ શ્રીને અમારા કોટી કોટી વંદન.

–જિજ્ઞેશ આર ભટ્ટ ઈસનપુર અમદાવાદ

શારીરિક દુઃખ દૂર થવનો પરચો.

હું અનુકુળ સમયે સદ્દગુરૂશ્રી ઈમામશાહ મહારાજની સમાધિ સ્થળે દર્શનાર્થે અવારનવાર આવતો મને બધી વાતે સુખ શાંતિ હતી પણ મારા શરીરે ચામડીનું દર્દ હતું "કહેવત છે કે" પહેલુ સુખ તે જાતે નર્યા" પણ મારા જીવનમાં આ પહેલુ સુખ જન હોતુ મેં બે–ત્રણ જગ્યાએ ડોકટરની સારવાર લીધેલી પણ પારસ્થિતિમાં કોઈ સુધારો ન જણાતાં દવાને પડતી મૂકી દૂઆ લેવાનું નક્કી કર્યું. એક દિવસ ગુરૂદ્વારે દર્શનાર્થે આવી અંતઃકરણથી જ્યોતિ સમક્ષ દષ્ટિ રાખી પ્રાર્થના કરીકે "હે સદ્દગુરૂ આપને શરણે આવ્યો છું. મારૂ આ દુઃખ તમો દૂર કરજો !! મને શ્રદ્ધા છે કે આપ મારૂ આટલુ કામ કરશોજ !! જો હું દુઃખ મૂક્ત થઈ જઈશ તો ફરીથી જરૂર આપની સમાધિએ દર્શનાર્થે આવીશ !! અને યથાશક્તિ ભેટ મુકીશ. !! સાચે જ સદ્દગુરૂશ્રીની મારા ઉપર અમી દષ્ટિ થઈ હું એકદમ રોગ મુક્ત થયો છું !! જે નિમિત આજરોજ તા. ૧૪-૫-૯૫ ના રોજ સંકલ્પ પ્રમાણે માનતા પૂર્ણ કરૂ છું. સદ્દગુરૂ શ્રીને કોટી કોટી દંડવત પ્રણામ

–પ્રભુદાસ ત્રી. સોની નવાવાડજ અમદાવાદ.

ફાઈનલ પરીક્ષામાં સફળ થવાનો પરચો.

ગત વાર્ષિક પરીક્ષાના દિવસો દરમ્યાન મારા ઘેર લગ્ન પ્રસંગ હોવાથી મહેમાનોની અવર-જવર લગ્નની તૈયારીથી ઘોંઘાટ વાળા વાતાવરણમાં મને વાંચવાની ખુબજ તકલીફ પડી હતી !!! આવા સંજોગોમાં સદ્‌ગુરૂશ્રી ઈમામશાહ મહારાજને મનોમન યાદ કરી પ્રાર્થના કરી કે "હે સદ્‌ગુરૂ આપ આ કામમાં મને સફળતા અપાવશો. મારૂ વર્ષ ન બગડે, મારૂ ભવિષ્ય ન બગડે તે માટે આપ મને દીવાદાંડી રૂપ રહી મારો સહારો બનજો !!" અને જ્યાં સુધી મારી વાર્ષિક પરીક્ષાનું પરીણામ નહી આવે ત્યાં સુધી હું "ૐ શ્રી નિષ્કલંકી નારાયણ"નો મંત્ર ૧૦૮ વાર કરીશ !! આવી દૃઢ પ્રતિજ્ઞા લીધી પરીક્ષાનું પરીણામ આવ્યું હું તો ઘેલી ઘેલી થઈ ગઈ !! હું સારા માર્કે ધોરણ ૮ માંથી ૯માં આવી છું. ઘરમાં પણ મમ્મી-પપ્પા મારી આ સફળતા માટે સદ્‌ગુરૂશ્રીનો ઉપકાર માને છે. અમારા સૌના સદ્‌ગુરૂશ્રીને કોટી કોટી દંડવત પ્રણામ. !!

—કું. રૂપા રમેશચંદ્ર રાણા—કલકત્તા,

(અનુસંધાન પાન ૧ નું ચાલુ)

આ કાર્યક્રમ દરમ્યાન યુવાન ભાઈ-બહેનો, વડીલો, માતાઓ શિબિરાર્થીઓ તેમજ શિબિર સંચાલકોએ અમોને શ્રદ્ધાપૂર્વક ખાત્રી આપી છે !! તે પ્રમાણે પુરેપુરો અંગત રસ લઈ આપણી શિબિરોને સો ટકા સફળ બનાવીશું !!! અમો બધે આ કાર્યક્રમ યોજ્યો તેમાં અમુક ગામોમાં સારો ઉત્સાહ જોવા મળ્યો. જ્યારે અમુક ગામોમાં નિરઉત્સાહ જોવા મળ્યો, કચ્છ જીલ્લાના આ કાર્યક્રમમાં પણ આવી જ અનુભુતિ થઈ. તો મારી દરેકને નમ્ર વિનંતી છે કે હવે પછીથી "જાગ્યા ત્યાંથી સવાર ગણી" આવા કાર્યમાં ઉત્સાહી બની કાર્યક્રમને વધુને વધુ સફળ બનાવીએ.

વિશેષમાં શ્રી સતપંથ બાલ-બાલિકા સુસંસ્કાર શિબિર તમારા દ્વારેના વેકેશન વિઝીટ કાર્યક્રમ પ્રમાણે ફર્યા. તેમાં કોઈ પણ વડીલ કે માતાઓ, યુવાન ભાઈ-બહેનો કે શિબિરાર્થી બાલ-બાલીકાઓને અમારાથી કંઈ તકલીફ કે અડચણ થઈ હોય તો ક્ષમાર્થી છું.

આ ઉમદા ધર્મપ્રચારના કાર્યક્રમમાં ઉત્સાહ સહ સહકાર આપનાર મિત્રો શ્રી સુરેશકુમાર એસ. પટેલ તાંદલીયા, શ્રી શાંતિલાલ જીવરાજભાઈ પટેલ નવારામપુરા, શ્રી પ્રફુલ્લચંદ્ર કાંતિલાલ પટેલ તાંદલિયા, શ્રી નરેશકુમાર રતિલાલ પટેલ નારણનગર, શ્રી જેઠાભાઈ કે. પટેલ ખેડબ્રહ્મા, શ્રી છગનભાઈ સોમદાસ પટેલ વડાગામ, સતિષકુમાર મણીલાલ પટેલ વૈદકંપા, નવનીતકુમાર મણીલાલ પટેલ વૈદકંપા. શ્રી વિનોદકુમાર મણીલાલપટેલ પાલડી લાટ, શ્રી જીવરાજભાઈ લધાભાઈ પટેલ, માધવકંપા, શ્રી રાજીવકુમાર મોહનભાઈ પટેલ વડાગામ તેમજ કચ્છ ખાતેના શ્રી જયસુખભાઈ મુળજીભાઈ પટેલ કલ્યાણપર, શ્રી બાબુભાઈ જીવરાજભાઈ પટેલ નાનઅંગીયા, શ્રી માવજીભાઈ ડાહ્યાભાઈ ધોળુ માનકુવા, શ્રી ગોવિંદભાઈ કરસનભાઈ ધોળુ દુર્ગાપુર, શ્રી અરજણભાઈ શામજીભાઈ ભગત આણંદસર તેમજ આગેવાનો વિગેરે આ શિબિરમાં પ્રશંસનીય સહકાર આપી મને જે હુંફ આપી છે તેનો હું સદાય ઋણી છું.

—સંપાદકશ્રી

ૐ

શ્રી નિષ્કલંકી નારાયણ નમઃ

શ્રી ઈમામશાહ મહારાજ સંસ્થાન, પીરાણા

❋ નિમંત્રણ ❋

સુજ્ઞ મહાશય,..

તથા સતપંથી ભાઈઓ, ગામ..

શ્રી સતપંથ પ્રેરણાપીઠ પીરાણાથી લી. આચાર્ય શ્રી કરશનદાસજી મહારાજ તથા અન્ય ભગવાં સમસ્તના શુભ આશીર્વાદ.

સહર્ષ જણાવવાનું કે સદગુરૂ શ્રી ઈમામશાહ મહારાજની અસીમ કૃપાથી અને શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનની છત્રછાયામાં સંવત ૨૦૫૧ ને અષાઢ સુદ ૧૫ (ગુરૂપુનમ) તા. ૧૨–૭–૯૫ ને બુધવારના શુભ દિવસે "ગુરૂપુર્ણિમા" નો મંગલમય પ્રસંગ અત્રે શ્રી સતપંથ પ્રેરણાપીઠ પીરાણા મુકામે પરંપરાગત રીતે ઉજવવામાં આવશે તો આ મંગલમય પર્વ નિમિત્તે આપ સૌ ભાવિકોને અત્રે પધારવા અમારું હાર્દિક આમંત્રણ છે.

આ શુભ પ્રસંગે નીચે મુજબના દાતાઓ તરફથી બ્રહ્મ ભોજન આપવામાં આવશે !! દાતાઓને ધન્યવાદ !!!

અષાઢ સુદ ૧૪ તા. ૧૧–૭–૭૫ સાંજના શ્રી રાજાભાઈ લાલજીભાઈ પટેલ મુ. અમરગઢ તા. મોડાસા. S.K.

અષાઢ સુદ ૧૫ તા. ૧૨–૭–૯૫ બપોરના શ્રી દાનાભાઈ વાલજીભાઈ પટેલ મુ. શીવપુરા, તા. મોડાસા. S.K.

આપના સહકારની અપેક્ષા સહ

લી. આચાર્ય શ્રી કરશનદાસજી મહારાજના શુભ આશિષ

શ્રી સતપંથ પ્રેરણાપીઠ, પીરાણા,

તા. દસક્રોઈ. જી. અમદાવાદ–382425

☎ STD | 02718–81–227
02718–88–229

નોંધ : આ પત્રિકા ગામમાં દરેક સતપંથી ભાઈ–બહેનોને વંચાવશો. તથા આજુબાજુના સતપંથી ભાઈ–બહેનોને જાણ કરશો.

તા. ક. ઉપરોક્ત સમયે અને સ્થળે સંત શ્રી રામદાસબાપુનો "ગુરૂપુર્ણિમા" મહોત્સવ પણ ઉજવવામાં આવશે તો આ મંગલમય પ્રસંગે તેમના શિષ્ય મંડળે પધારી લ્હાવો લેવા વિનંતી........

શ્રી સતપંથ બાળ–બલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિર તમારે દ્વારે વેકેશન વિઝીટ કાર્યક્રમ તા. ૪–૫–'૯૫ થી તા. ૧૮–૫'–૯૫ સુધી

બાળ શિક્ષણ શિબિરના પ્રેરક એવા શિબિરાર્થીઓના દાદા શ્રી શામજીદાદાએ સતત તન, મન ધનથી ભાવી પેઢીને ઉજ્જવળ બનાવવા માટે નૂતન સમાજના ઘડતર માટે એક આદર્શ સમાજ બને તેવા શુભ હેતુથી ૨૧૨ ગામોનો પ્રવાસ કરી સદ્‌ગુરૂશ્રી ઈમામશાહ મહારજનો સંદેશો પહોંચાડયો છે.

આવા સતપંથ બાળ શિક્ષણ શિબિરના કાર્યક્રમો બરાબર છે અને સતત ચાલુ રહે તે માટે ઉપરોક્ત ગામોના વાલીઓ, વડીલો, યુવાનો, બહેનો, માતાઓએ સુચન કર્યું હતું. અને આવા શુભ કાર્યક્રમોને વેગ મળે તે માટે સાથ–સહકાર આપવાની ખાત્રી આપી હતી.

વધુમાં યુવાનોએ "યુવાશિબિર"ની જરૂર છે. અને ભવિષ્યમાં તેનું આયોજન થાય તેવું ભાર પૂર્વક સુચન કર્યું હતું. તેમજ "યુવા શિબિર"માં સો ટકા હાજરી આપવાની ખાત્રી આપી હતી. કેટલાક વડીલોએ જણાવ્યુ હતુ કે બાળ–શિક્ષણ શિબિરના માધ્યમ દ્વારા બાળકોમાં ઘણુ પરિવર્તન આવ્યુ છે. અને આ બાળકો સમાજમાં અદ્‌ભુત ક્રાંતી લાવશે !!! તેમાં શંકાને કોઈ સ્થાન નથી. "વેકેશન વિઝીટ" કાર્યક્રમ દરમ્યાન શ્રી શામજીદાદાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે બાળકો પ્રત્યે વાલીઓએ પુરતુ ધ્યાન આપવાની જરૂર છે. તેમણે વધુમાં જણાવ્યુ હતું કે આપણે ખેત–ઉત્પાદન માટે જે સતત મહેનત કરીએ છીએ પણ બાળકો પ્રત્યે ધ્યાન આપતા નથી. વડીલોના વાંકે બાળકો કુંસંસ્કાર અને વ્યસનોનો ભોગ બને છે છેવટે તેનું પરીણામ બાળકો ને તેના માતા પિતાને તથા સમાજને ભોગવવું પડે છે. માટે વાલીઓ પોતાના બાળકો પ્રત્યે પુરતું ધ્યાન આપે, બાળ શિક્ષણ શિબિરો માંથી સુસંસ્કાર શિક્ષણનું ભાથું, મંત્રો, પ્રતિજ્ઞાઓ, વિનય–વિવેક લઈને બાળકો પોતાના વતનમાં જાય છે. પોતાના ઘેર જાય છે તેમાંથી કેટલુંક બાળકો ભુલી જાય છે. આવું ન બને તે માટે વાલીઓની પોતાની ફરજ પ્રત્યે ધ્યાન દોર્યું હતું.

આ "વેકેસન વિઝીટ" કાર્યક્રમ દરમ્યાન કેટલાક યુવાનો શ્રી શામજીદાદાની વાણી–વર્તન બાળકોના સર્વાંગી વિકાસ માટે અથાક પ્રયત્નથી પ્રભાવિત થઇ શ્રી શામજીદાદા શિબિરાર્થીઓના દાદા તો છે જ પણ આજથી આપણા સૌના લાડીલા દાદા છે. બાળકોને સુસંસ્કારનું જે શિક્ષણ આપ્યુ છે તે આપણને જીવનમાં ઘણું ઉપયોગી છે. શ્રી શામજીદાદા એ જે સમાજ ઘડતર માટે, ભાવિ પેઢીના ઉજ્જવળ ભવિષ્ય માટે જે વિરાટ પગલું ભર્યું છે. તે આવકાર દાયક અને પ્રસંશનિય છે. બાળકોની સાથે સાથે અમારામાં પણ કેટલાંક પરિવર્તન આવ્યાં છે. જે બાળ–શિક્ષણ શિબિરોને જ આભારી છે. અને હવેથી અમો પણ નિયમિત મંદિરમાં દર્શનાર્થે જઈશું માતા–પિતાને નમસ્કાર કરીશુ, અતિથિઓનું યથા યોગ્ય સન્માન કરીશું વ્યસન મુક્ત રહીશું. આપશ્રીના આ ભગીરથ કાર્યમાં જરૂર સહભાગી થઈશું. તેવી હ્રદય પૂર્વક ખાત્રી આપીએ છીએ.

આમ ઉપરોક્ત દરેક ગામોમાંથી "વેકસન

વિઝીટ" કાર્યક્રમને સારો આવકાર મળ્યો છે અમને અંતઃકરણ પૂર્વક વિશ્વાસ છે કે આપણે સૌ સાથે મળીને આવી બાળ શિબિરો, અને ભવિષ્યમાં યોજાનારી "યુવા શિબિરો" જેવા કાર્યક્રમોને સફળ બનાવીને જ જંપીશું "મનુષ્ય યત્ન ઇશ્વર કૃપા"....માટે આટલું ભુલીશું નહી કે–કર્યા વગર કાંઈ મળતું નથી....કરેલુ ફોગટ જતું નથી...!!!

ઉપરોક્ત "વેકેશન વિઝીટ" કાર્યક્રમમાં સહભાગી થનાર શિક્ષક મિત્રો, સેવા ભાવી કાર્યકરો, નામી અનામી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે કીંમતી સમયનો ભોગ આપ્યો છે તેમજ દરેક ગામના યુવાનો, વડીલો, માતાઓ, અને શિબિરાર્થી બાલ–બાલિકાઓ જે સાથ–સહકાર આપ્યો છે તે બદલ સૌનો અંતઃકરણ પૂર્વક આભાર...!!

સી. એસ. પટેલ વડાગામ–S.K.

"શિબિર તમારે દ્વારે" કાર્યક્રમનો પત્રથી પ્રતિસાદ

પરમ વંદનીય વિરવર આચાર્ય શ્રી કરસનદાસજી મહારાજ તથા શામજીદાદા તેમજ અન્ય સેવકોને અમારા નમસ્કાર !

સહર્ષ જણાવવાનું કે અમારા ગામમાં જે "શિબિર તમારે દ્વારે" નો કાર્યક્રમ થયો તેમાં ખુબ ખુબ મજા આવી. થોડાક ભુલાયેલ મંત્રો વિ. તાજા થયા. અમારા ગામની જ તજજ્ઞ બેન અનસુયાબેન અમોને ખુબજ મદદરૂપ થાય છે. દર પંદર દિવસે તેઓ અમારી પરીક્ષા લે છે. અમોએ બન્ને પુસ્તિકા કંઠસ્થ કરવાનું વચન લીધુ હતું તે પૂર્ણ કર્યું છે. આવા કાર્યક્રમો અવાર નવાર થતા રહે એજ આશા સહ

લી. આપની આજ્ઞાકીત પુત્રીઓ
–કલ્પના હીરજીભાઈ પટેલ નારણપુરા (મોડાસા)
–બિન્દુ " "
–હેમલતા " "

પ. પૂ. પ્રાતઃ સ્મરણીય આચાર્ય શ્રી કરસનદાસજી મહારાજ, અન્ય સાધુ–સંતો, સંસ્થાના ટ્રસ્ટીઓ તેમજ પુ. શામજીદાદા કુશળ હશો.

સહર્ષ જણાવવાનું કે આપ જ્યારે "શિબિર તમારે દ્વારે" કાર્યક્રમમાં આવ્યા હતા. ત્યારે થોડાક મંત્રો ભુલાઈ ગયા હતા તે હવે કંઠસ્થ કરી લીધા છે. બન્ને પુસ્તિકાઓ સંપૂર્ણપણે કંઠસ્થ થઈ ગઈ છે. દરરોજ નિયમિત સવાર–સાંજ મંદિરે દર્શનાર્થે જઉં છું. અમારા ગામમાં મહીનામાં બે વખત મીની શિબિર યોજીએ છીએ. ફરી પણ જરૂરથી આવી રીતે વિઝીટ લેતા રહેશો તો અમારો ઉત્સાહ વધશે !

–કુ. પ્રજ્ઞા એલ. પટેલ
હરીપુરા, તા. બાયડ, S.K.

પ.પુ. આચાર્યશ્રી કરસનદાસજી મહારાજ, તથા શિબિર આયોજક શ્રી શામજીદાદા સર્વેને સાદર પ્રણામ !!

સહર્ષ જણાવવાનું કે જીયાપર કચ્છ મુકામે "શિબિર તમારે દ્વારે" નો કાર્યક્રમ યોજાયો, જેમાં મેં હોંશભેર ભાગ લીધો. અમારા જેવા બાળકોમાં આપ આવા શ્રેષ્ઠ કાર્યક્રમો યોજી જે સંસ્કારોનું સિંચન કરો છો તે બદલ આપ સૌનો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. અમારા માટે આપ સૌ જે નિસ્વાર્થ ભોગ આપો છો તેને અમો ઉજાળીશું ! અને શિબિરના નિયમોનું અચુક પાલન કરીશું.

–અશોક વી. પોકાર, કુરબઈ–કચ્છ

પ. પૂ. પરમ વંદનીય આચાર્ય શ્રી કરસનદાસજી મહારાજ તથા પુ. શામજીદાદા તથા પીરાણા સ્થિત ભગવાં સમસ્ત કુશળ હશો.

સહર્ષ જણાવવાનું કે પુ. દાદા આપશ્રી તા. ૨૨-૫-૯૫ના રોજ અમારા ગામમાં શિબિરાર્થીઓની મુલાકાતે આવ્યા! અમારા આનંદનો પાર ન રહ્યો! આપની મુલાકાત દરમ્યાન આપની સમક્ષ જે જે મંત્રો તૈયાર કરવા માટે અઠવાડીયા ઉપરની મુદત માગી હતી તે પ્રમાણે તૈયાર કરી દીધા છે. અમારા ગામમાં દર મંગળવારે શિબિરનું આયોજન કરીએ છીએ. આપે આપેલા માર્ગદર્શન મુજબ કાર્યક્રમ યોજીએ છીએ, જેમાં વડીલો પણ ઉત્સાહથી રસ લે છે!!

—કુ. હીરલ મણીલાલ પટેલ
લક્ષ્મણપુરા (ઇડર)

ધર્મ ધ્યાન એટલે શું ?

—પ્રવિણ એન. પટેલ કંજેલી (ઇડર)

ધર્મ ધ્યાન એટલે શું ? કદાચ ઘણાં ઓછા લોકો જાણતા હશે.

ધર્મ ધ્યાન એ આપણા જીવનને શાંતિમય, સમાધિમય અને આનંદમય બનાવવાની એક સાધના છે. જીવન જીવવાની સુંદરકળા છે. જેને જીવનમાં સાચો આનંદ, સાચી તૃપ્તિ કે સાચી શાંતિ મેળવવી હોય તેને આ કળા શીખવીજ પડે.

આત્મા સંબંધી કોઈપણ ધાર્મિક પ્રવૃત્તિને ધર્મ ધ્યાન કહેવામાં આવે છે. "ધર્મધ્યાન" પદમાં બે શબ્દો છે ધર્મ અને ધ્યાન ધર્મ ધ્યાનને સમજવા માટે પ્રથમ ધ્યાનને સમજી લેવું જરૂરી છે.

આત્માના અધ્યવસાયો જ્યારે કોઈપણ એક વિષય ઉપર એકાગ્ર બને છે. ત્યારે તે ધ્યાન કહેવાય છે પરંતુ ધ્યાનના ઘણા પ્રકારો છે, "આર્તધ્યાન (૨) રૌદ્ર ધ્યાન

—પ્રથમ આર્તધ્યાન—

આર્તનો અર્થ થાય છે. દુઃખ પડે છે. ત્યારે માનવ રડે છે, શોક કરે છે. પ્રકટ કે અપ્રકટ આંસુડા પાડે છે. એટલે સુધી કે તેને જોઈને બીજાને પણ રડવું આવી જાય છે.

જ્યારે પ્રતિકૂળ પરિસ્થિતિ નિર્માણ થાય. અનુકુળ વસ્તુનો વિનાશ થાય. રોગ બિમારી આવે, અથવા પૌદ્ગલિક સુખો મેળવવાની તૃષ્ણા જાગે ત્યારે અર્થધ્યાન માનવના મનમાં પોતાનું સ્થાન જમાવી દે છે.

—બીજું રૌદ્રધ્યાન

રૌદ્રનો અર્થ છે. ભયંકર, માનવની સ્વાર્થવૃત્તિ જ્યારે ભયંકર સ્વરૂપ ધારણ કરી લે છે, ત્યારે બીજાના વિનાશ માટે ચિન્તમાં અતિશય ક્રૂરતા ઉત્પન્ન થાય છે. હિંસા-જૂઠ-ચોરી ધન સંપત્તિ આદિ પરિગ્રહ ઉપરની અત્યત આસક્તિ આ સર્વ રૌદ્ર ધ્યાનનાં સ્વરૂપો છે. આયુષ્યનો જો બંધ થાય તો આર્ત ધ્યાનમાં રહેલો જીવ તિર્યચગતિનું આયુષ્ય બાંધે છે. અને રૌદ્રધ્યાનમાં રહેલો જીવ નરકગતિનું આયુષ્ય બાંધે છે.

આજના આ વિશ્વમાં આ બે ધ્યાનોની ખૂબ જ બોલ બાલા છે આર્ત અને રૌદ્રધ્યાનની પ્રવૃત્તિ દિવસે દિવસે વધી રહી છે. તેથી માનવ સમાજ ખૂબજ પીડિત, ક્ષુબ્ધ અને ભયભીત બન્યો છે. દરેક રાષ્ટ્રો એક બીજાને ઓહિયા કરી જવા વિચારી રહ્યા છે તેનો પ્રભાવ સાધારણ જન સમાજ ઉપર પણ પડે છે.

ગુરૂ–મહિમા

ૐ

સંકલન :- સુરેશ એમ. પટેલ
પ્રેરણાપીઠ પીરાણા

શ્રી સદ્‌ગુરુ સમર્થ

✻ શ્રી ગુરુ પ્રણામાષ્ટક ✻

ॐ अज्ञानतिमिरान्धस्य ज्ञानाञ्जनशलाकया ।
चक्षुरुन्मीलितं येन तस्मै श्री गुरवे नमः ॥१॥

अखंडमंडलाकारं व्याप्तं येन चराचरम् ।
तत्पदं दर्शितं येन तस्मै श्री गुरवे नमः ॥२॥

गुरुब्रह्मा गुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः ।
गुरुसाक्षात् परब्रह्म तस्मै श्री गुरवे नमः ॥३॥

सर्वश्रुतिशिरोरत्नविराजितपदाम्बुज ।
वेदान्तपद्मसूर्याय तस्मै श्री गुरवे नमः ॥४॥

चैतन्यं शाश्वतं शान्तं व्योमातीतं निरञ्जनम् ।
नादबिन्दु कलातीतं तस्मै श्री गुरवे नमः ॥५॥

नित्यशुद्धं निराभासं निराकारं निरञ्जनम् ।
नित्यबोधं चिदानन्दं तस्मै श्री गुरवे नमः ॥६॥

अहं ब्रह्मेति विज्ञानं जातं यस्य प्रसादतः ।
दत्तं येनाभयं दानं तस्मै श्री गुरवे नमः ॥७॥

अखंडानंदबोधाय शिष्यसंतापहारिणे ।
सच्चिदानंद रुपाय तस्मै श्री गुरवे नमः ॥८॥

૧. સદ્‌ગુરુ મહાત્મ્ય કથન :

ब्रह्मानन्दं परमसुखदं केवलं ज्ञानमूर्तिं
द्वन्द्वातीतं गगनसदृशं तत्वमस्यादिलक्ष्यम् ।
एकं नित्यं विमलमचलं सर्वधीसाक्षिभूतं
भावातीतं त्रीगुणरहितं सद्‌गुरुं त्वां नमामि ॥

પરબ્રહ્મરૂપ, આનંદરૂપ, પરમસુખદાયક કેવળ જ્ઞાનમૂર્તિ સુખદુઃખરહિત આકાશપ્રમાણે નિરૂપાધિક તત્ત્વરૂપી મહાવાક્યથી ઓળખાતો, એક નિત્ય નાશરહિત મલરહિત, અચળ સ્થિર સર્વેની બુદ્ધિનો સાક્ષીભૂત, ઉત્પત્તિરહિત, ત્રિગુણાતીત એવા સદ્‌ગુરૂને હું નમસ્કાર કરું છું.

પદવંદન કરૂં ગુરુદેવના, સકળ ગુણ ચતુરસુજાણ ।
પુરણબ્રહ્મ દ્રસ્ટે કરે, અચળ પુરૂષ પુરાણ ॥
પૂજન કરૂં ગુરુપદનું, જેથી ચૌદે લોક પુંજાય ।
શેષ બ્રહ્મા શક્તિ મળી, ગુણ ગુરુનાં ગાય ॥
કિપા હોય જો ગુરુદેવની, ટળે ચોરાસીના તાપ ।
જન્મ મરણની આપદા, છૂટે આપો આપ ॥

"गुरु गोविंद दोनो खडे, किसे लागु पाय ।
बलिहारी इस गुरुकी, जिन्हें गोविंद बतलाय ॥"

ગુરુ અને પરમેશ્વર એ બન્ને આપણી સમક્ષ સાક્ષાત્ ઊભા હોય ત્યારે પ્રથમ કોની શરણે જવું ? એવો પ્રશ્ન આપણા મનમાં આવે છે. ઈશ્વરની પ્રત્યક્ષ ઓળખાણ થવી કઠણ છે, કારણ તે પરમાત્મતત્ત્વ સર્વ પ્રાણિમાત્રમાં– તમામ જડ ચૈતન્યમાં સમાયેલ છે. ભગવાનનું સ્વરૂપ બધામાં સરખું જ હોય છે તેથી તે ક્યા સ્વરૂપે ભક્તને દર્શન આપશે તે સમજવું મુશ્કેલ છે. આવા પ્રસંગે તે અગમ્ય–અગોચર ઈશ્વરની ઓળખાણ આપનારની જ સાધકને અત્યંત જરૂર હોય છે. અને આવી ઓળખાણ કરી અપાવનાર સદ્‌ગુરુ સિવાય બીજું કોઈ નથી, તેથી તેમને જ શરણે જવું અને તેથી જ ઈશ્વર કરતાં સદ્‌ગુરુને વેદશાસ્ત્રમાં શ્રેષ્ઠ માનવામાં આવ્યા છે.

ઈશ્વરની ઓળખાણ કરાવી આપનાર સદ્‌ગુરુ હોવાથી તેમના ચરણોની સેવા કરવી જોઈએ. તેમના જ્ઞાન અને ભક્તિભાવથી મન અને શરીર શુદ્ધ અને રોમાંચિત થઈ બધી મુસીબતો દૂર

થાય છે. તેમજ ત્રિવિધતાપ અને ભવબંધનો પણ દૂર થાય છે. ગુરૂ એ પારસમણી સમાન છે તેથી સદ્‌ગુરૂના લીધે જીવાત્માને પૂર્ણ જ્ઞાન થઈ તે મુક્ત થાય છે.

જેને આત્મજ્ઞાન નથી હોતું તેને પોતે શા માટે જન્મ્યો અને ક્ષણિક જીવન જીવ્યા પછી ક્યાં જવાનું છે તેનું ભાન હોતું નથી. આવા અજ્ઞાની માણસ આ મારૂં, તે મારું, મેં આમ કર્યું, હું જ મોટો વિગેરે મમત્વ અને અહંકારમાં રાચ્યો રહે છે, તેથી તેનો જન્મ ફોગટ જાય છે માટે જ માયા અને મમતાનો ત્યાગ કરી આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે માણસે સદ્‌ગુરુનો આશ્રય લેવો જોઈએ. તુકારામ મહારાજ કહે છે.

'सद्‌गुरु वांचूनि सापडेना सोय ।
धरावे ते पाय आधी आधी ।
आपणांसारिखे करिती तत्काळ ।
नाहि काळवेळ तया लागी ॥

સદ્‌ગુરૂ એ આત્મજ્ઞાનથી પરિપૂર્ણ હોય છે. એમણે તેનો અનુભવ લીધેલો હોય છે. તેમણે આગમ-નિગમ જ્ઞાન હોય છે. પરબ્રહ્મમાં તે સમરસ થયેલો હોઈ બીજાને પણ એ જ્ઞાનનો લાભ કરી આપે છે તેમની કૃપાદૃષ્ટિથી મોક્ષપદ મળતું હોવાથી તે મેળવવા માટે સદ્‌ગુરૂ ચરણે પોતાનું તન, મન, અને ધન અર્પણ કરવું અને તેમના વચનનું શ્રદ્ધાથી પાલન કરવું એટલે તેમની કૃપાદૃષ્ટિ થશે. ઈશ્વરના જે અવતારો થયા તેમણે પણ ગુરૂસેવા કરી છે. પ્રભુરામચન્દ્રજી જ્ઞાની હોવા છતાં ગુરૂ વસિષ્ઠની આજ્ઞામાં રહી બ્રહ્મજ્ઞાન મેળવ્યું તેમજ ભગવાન શ્રીકૃષ્ણજીએ પણ સાંદિપની ગુરૂની સેવા કરી હતી. આ ઉપરથી ગુરૂમહિમા કેટલો અગમ્ય છે તેનો ખ્યાલ આવશે. બલીરાજા દાનવીર હોવા છતાં તેમણે ગુરૂની આજ્ઞાનો ભંગ કર્યો તેથી તેમને પાતાળમાં જવું પડયું. સદ્‌ગુરુની કૃપા વિના તરી શકાય નહીં તેથી તેમની આજ્ઞા મુજબ જ માણસે વર્તન રાખવું.

પ્રતિષ્ઠામાં થએલી જાગૃતિ

દમયંતીબેન સવદાસભાઇ પટેલ
મું. પંચવટી
તા. વિજયનગર–સાબરકાંઠા

હું લેખ મારા પોતામાં પરિવર્તન આવવાથી લખી રહી છું હું ૧૯ વર્ષની એક અપંગ છોકરી છું જે અત્યારે ચાલી શકતી નથી હું સાત ધોરણ ભણી છું ત્યારે ચાલી શકાતું હતું જ્યારે મે સાભળ્યું કે ઇશ્વપુરા કંમ્પામાં પ્રતિષ્ઠા છે ત્યારે હું ખૂબ ખુશ થઈ એટલા માટે ખુશ થઈ કે અત્યારે જે મોટા સંત કહેવાય છે તે કરશનદાસ મહારાજ જોવા મળશે હું ઇશ્વરપુરા પ્રતિષ્ઠામા આવીને મે કરશનદાસ મહારાજને જોયા ને હું ખુબ ખુશ થઇ આ મારા જીવનની પહેલી પ્રતિષ્ઠા છે. જે કદાપિ ભુલી શકાશે નહી આ મારા જીવનનો પહેલો બનાવ છે કે સંતોની વાણી જે સાભળવાથી પરિવર્તન આવ્યું ૧૩ તેરમી ફેબ્રુઆરીએ જ્યારે બધા સંતો સભામાં બઠેલા હતા ત્યારે સંતોની વાણી સાંભળી એટલી બધી ધન્ય બની ગઈ છું કે તમોને જણાવવા મારા માટે શબ્દો નથી જયારે રતિભાઈ સાહેબે સભાની અંદર કહેલું કે

આપણા વડવાઓ એમ કહેશે કે અમારા બાપદાદાના પુન્યકે ભગવાન જેવા કરશનદાસ મહારાજ તથા બધા સંતો ને આવી પ્રતિષ્ઠા જોવા મળી આ વાત જાણી મારા દિલમાં પ્રકાશ થયો આ વાત સાચી છે. એટલા અમારા પુન્ય કે આવીયું પ્રતિષ્ઠા જોવા મળી આટલા દિવસ તો હું ભગવાનને ના કહેવાના વેણ કહેતી હતી હે ભગવાન તે મને જ કેમ આવું દુઃખ દીધું છે જે હું ચાલી શકતી નથી મે કેવા પાપ કર્યા છે. કે તેની સજા ભોગવી રહી છું શું મે કોઈ પુન્ય નહી. કર્યા હોય તેમ સતત થયા કરતું હતું.

જ્યારે રતિભાઈ સાહેબે કહ્યું ત્યારે એવો પ્રકાશ થયો કે મે કાંઇક પુન્ય કર્યા હશે કે મને કરશનદાસ મહારાજ જોવા મળ્યા આ વાત એટલા માટે જણાવી રહી છું. એ એક અપંગ બાળાના દિલમાં અત્યારે કેટલી શાંતિ જળવાઇ રહી છે ને હું આ લેખમાં દિલ ખોલીને વાત કરી રહી છું કોઈ અજુગતું લખાઈ ગયું હોય તો સાચા દિલથી માફી માગું છું હવે તો બસ કરશનદાસ મહારાજ ને વિનંતી કરું છું કે આવા પ્રસંગો મા હાજરી આપોને અમારા જેવા અજ્ઞાનીને જ્ઞાની બનાવો.

□

– ભજન –

–કુ. ગંગાબેન એલ. ધોળુ
દુર્ગાપુર–કચ્છ

જેવી લીમવડની છાયા એવી નિષ્કલંકીની માયા
માયા રાખવી પડશે પીરાણા જાવું પડશે....

જેવી શિયાળાની ઠંડી એવી નિષ્કલંકની કંઠી
કંઠી પહેરવી પડશે પીરાણા જાવું પડશે....

જેવો ઉનાળાનો તડકો એવો
નિષ્કલંકી નારાયણનો પરચો
પરચો રાખવો પડશે પીરાણા જાવું પડશે....

જેવો ચોમાસાનો વરસાદ
એવો ઇમામશાહ મહારાજનો પરસાદ
પરસાદ લેવો પડશે પીરાણા જાવું પડશે...

જેવી લીમવડની છાયા એવી નિષ્કલંકીની માયા
માયા રાખવી પરશે પીરાણા જાવું પડશે....

જીવનમાં ઉતારવા જેવા શ્લોકો

–અરવિંદ એસ. પટેલ
મહાદેવપુરા, મોડાસા

(1) યથા હ્યેકેન ચક્રેણ ન રથસ્ય ગતિર્ભવેત ।
તથા પુરુષકારેણ વિના દૈવ ન સિધ્યતિ ॥

અનુ. જેવી રીતે એક પૈડા દ્વારાખરેખર રથની ગતિ થતી નથી; તેવી રીતે પુરુષાર્થ વિના ભાગ્ય સિદ્ધ થતું નથી.

(2) યસ્ય નાસ્તિ સ્વય પ્રજ્ઞાશાસ્ત્ર તસ્ય કરોતિ કિમ્ ।
ભોવનાભ્યાં વિહીનસ્ય દર્પણઃ કિં કરિષ્યતિ ॥

જેની પાસે પોતાની બુદ્ધિ હોતિ નથી તેને શાસ્ત્ર શું કરી શકે? આંખો વિનાના માણસને દર્પણ શું કામનું?

(3) લોભાત ક્રોધઃ પ્રભવતિ લોભાત્કામ પ્રજાયતે ।
લોભાન્મોહશ્ચ કામશ્ચ લોભઃ પાપસ્ય કારણમ્ ॥

લોભથી ક્રોધ ઉદ્ભવે છે. લોભથી કામના જન્મે છે. લોભથી મોહ અને કામના બન્ને ઉત્પન્ન થાય છે. લોભ પાપનું કારણ છે.

(4) કાન્પૃચ્છામઃ સુરા સ્વર્ગે નિવસાધો વયં ભુવિ ।
કિં વા કાવ્યરસઃ સ્વાદુઃ કિં વા સ્વાદીયસી સુધા ॥

અમે કોને પૂછીએ? દેવો સ્વર્ગમાં વસે છે અને અમે પૃથ્વી પર વસીએ છીએ. શું કાવ્યનો રસ સ્વાદિષ્ટ છે? અથવા તો શું અમૃત વધારે સ્વાદિષ્ટ છે.

(5) વલઃ સર્ષવમાત્રણિ પરચ્છિદ્રાણિ પશ્યતિ ।
આત્મનો બિલ્વમાત્રાણિ પશ્યન્નપિ વ પશ્યતિ ॥

દુર્જન સરસવના દાણા જેવડા પારકા નાના દોષોને પણ જુએ છે; પરંતુ બિલાના ફળ જેવડા પોતાના મોટા દોષને જોતો હોવા છતાં જોતો નથી.

(6) સુન્દરોડપિ સુશીલોડપિ કાલીડપિ મહાધનઃ ।
શોભતે ન વિના વિદ્યા વિદ્યા સ્વર્સ્ય ભૂષણમ્ ॥

માણસ સુંદર હોવા છતાં પણ સારા ચરિત્ર્યવાળો હોવા છતાં પણ કુળવાન હોવા છતાં પણ અને ધનવાન હોવા છતાં પણ વિદ્યા વિના શોભતો નથી વિદ્યા બધાનું આભૂષણ છે.

(7) પવિદ્રુતે વૈવ મૂર્ખે બલવત્યપિ દુર્બલે ।
ઇશ્વર ચ હરિદ્રે ચ મૃત્યોઃ સર્વત્ર તુલ્યતા ॥

પંડિત હોય કે મુર્ખ હોય, બળવાન હોય કે દુર્બળ હોય, ઐશ્વર્યવાળા હોય કે ગરીબ હોય બધે જ મૃત્યુની સમાનતા હોય છે.

(8) વિહાય પૌરુષ યો હિ દૈવમેવાવ લમ્બતે ।
પ્રાસાદસિંહવત્તસ્ય મૂર્દ્ધિન તિષ્ઠન્તિ વાયસાઃ ॥

જે મનુષ્ય પુરુષાર્થનો ત્યાગ કરીને દૈવપર જ આધાર રાખે છે. તેના મસ્તક પર મહેલના ટોચ પર ગોઠવેલા સિંહની જેમ કાગડાઓ બેસે છે.

(9) યત્ર વિદ્વજ્જનો નાસ્તિ શ્લાધ્યસ્તત્રાલ્ય ધીરપિ ।
નિરસ્તપાદપે દેશે એરણ્ડોડપિ દ્રુમાયતે ॥

જ્યાં વિદ્વાન માણસ નથી ત્યાં ઓછી બુદ્ધિવાળો માણસ પણ પ્રસંસાપાત્ર બને છે. વૃક્ષ ન હોય તેવા પ્રદેશમાં એરંડો પણ વૃક્ષ તરીકેનું સ્થાન મેળવે છે.

(10) ચિન્તનીયા હિ વિપદામાદાવેવ પ્રતિક્રિયા ।
ન કૂપરવનનં યુક્તં પ્રદીપ્તે વહ્નિના ગૃહે ॥

આપત્તિ આવે તે પહેલાં જ, ખરેખર. એનો ઉપાય વિચારી લેવો જોઈએ. આગથી ઘર સળગતું હોય ત્યારે કૂવો ખોદવા બેસવું યોગ્ય નથી.

(11) સર્પ દુર્જ નયોર્મધ્યે વરં સર્પો ન દુર્જનઃ ॥
સર્પો દશતિ કાલેન દુર્જનસ્તુ પદે પદે ॥

સાપ અને દુર્જન એ બંનેમાંથી સાપ વધુ સારો, દુર્જન નહિ; કારણ કે સાપ કોઈક વાર કરડે છે; જ્યારે દુર્જન તો ડગલે ને પગલે ડંખ્યા કરે છે.

(12) તાવન્મહત્વં મહતો યાવક્તિમપિ હિયાચતે લોકમ્ ।
બલિમનુંયાનસમયે શ્રીપતિરપિ વામનો જાતઃ ॥

જ્યાં સુધી મોટો માણસ લોકો પાસે કાંઈ પણ માંગે નહી ત્યાં સુધી તેની મહાનતા હોય છે. બલિરાજા પાસે માંગણી કરતી વખતે ભગવાન વિષ્ણુને પણ વામન થવુ પડયું હતું.

(13) ક્ષમાશસ્ત્ર કરે યસ્ય દુર્જનઃ વિકારિષ્યંતિ ।
અતૃણે પતિતો વહ્નિઃ સ્વયમેવોપશામ્યતિ ॥

ક્ષમારૂપી શસ્ત્ર જેના હાથમાં છે તેનું દુર્જન શું ખરાબ કરી શકવાનો ? ઘાસ વગરની જગ્યાએ પડેલો અગ્નિ પોતાની મેળે જ ઠંડો થઈ જાય છે.

(14) પ્રથમે નાર્જિતા વિદ્યા દ્વિતીયે નાર્જીતં ધનમ્ ।
તૃતીયે નાર્જિતા પુણ્યં ચતુર્થે કિં કરિષ્યતિ ॥

પહેલા આશ્રમમાં (બ્રહ્મચર્યાશ્રમમાં) જેણે વિદ્યા પ્રાપ્ત ન કરી બીજા આશ્રમમાં ગૃહસ્થાશ્રમમાં જેણે ધન પ્રાપ્ત ન કર્યું અને ત્રીજા આશ્રમમાં વાનપ્રસ્થાશ્રમમાં જેણે પુણ્ય પ્રાપ્ત ન કર્યું તે ચોથા આશ્રમમાં સંન્યાસાશ્રમમાં શું કરશે ?

(15) ખલઃ કરોતિદુર્વૃત્ત નૂન ફલતિ સાધુષુ ।
દશાનનો હરેત સીતા બન્ધનં સ્યાન્મહાદધઃ ॥

દુષ્ટ માણુસ ખરાબ આચરણ કરે છે, પણ તેનું પરિણામ સજ્જનો ઉપર આવે છે. રાવણે સીતાનું અપહરણ કર્યું. પણ સમુદ્રને બંધનમાં મૂકાવું પડયું હતું.

(16) આદિદેવ નમસ્તુભ્ય પ્રસીદ મમભાસ્વાર ।
દિવાકર ! નમસ્તુભ્ય પ્રભાકર નમોસ્તુ તે ॥

હે આદિદેવ ! તમને નમસ્કાર હજો, હે સૂર્યનારાયણ ! મારા ઉપર પ્રસન્ન થાઓ. હે દિવસને સર્જનારા ! તમને નમસ્કાર હજો. હે તેજને કરનારા તમને નમસ્કાર હજો.

ગુરૂનું મહત્વ શું ?

વિનોદ આઈ. પટેલ –લક્ષ્મણપુરા (ઈડર)

શ્રી રામકૃષ્ણ પરમહંસને તેમના એક શિષ્યે પુછ્યું ? ગુરૂદેવ શિષ્યનાં જીવનમાં ગુરૂનું મહત્વ શું છે ? ગુરૂ દ્વારા શિષ્યને શો લાભ થાય છે ?

શ્રી રામકૃષ્ણ પરમહંસે નમ્રભાવે વળતો પ્રશ્ન કર્યો, પેલી સામે નૌકા દેખાય છે, તેને અહીંથી કલકત્તા પહોંચતાં કેટલી વાર લાગે ? શિષ્ય- લગભગ ચારથી પાંચ કલાક.

શ્રી રામકૃષ્ણે મંદમંદ હસતાં કહ્યું હવે પેલી સામે આગબોટથી તેની સાથે એ નૌકાને બાંધી દેવામાં આવે તો એ કેટલા સમયમાં કલકત્તા પહોંચી જાય ?

શિષ્ય એ તરત જ જવાબ આપ્યો, માત્ર અર્ધા કલાકમાં.

પરમહંસે કહ્યું '– ભાઈ ગુરૂનું પણ આવું જ મહત્વ છે. જીવનમાં પ્રગતિ સાધવા માટે શિષ્યને ઘણા વર્ષ સુધી કઠોર સાધના કરવી પડે છે. પરંતુ ગુરૂ દ્વારા એ ઓછા સમયમાં થઈ શકે છે. ગુરૂની કૃપાથી સાધનાનો માર્ગ મોકળો થઈ જાય છે અને શિષ્યને ઘણી જલ્દી સિદ્ધી મળી જાય છે.

આમ આપણે બધા સતપંથી ભાઈઓએ ગુરૂનું મહત્વ સમજવું જોઈએ.

— આપણાં હૃદયો —

–વિશાલ હ્રદય –જે પોતે ખાતા નથી પણ બીજાઓને ખવડાવે છે.

–ઉદાર હ્રદય –જે પોતે ખાય છે અને બીજાઓને પણ ખવડાવે છે.

–અનુદાર હ્રદય –જે પોતે ખાય છે પણ બીજાઓને ખવડાવતા નથી.

–કૃપા હ્રદય –જે પોતે ખાતો નથી અને બીજાઓને પણ ખવડાવતો નથી.

આપણે બધા માણસો જરા આપણાં અંતરમાં ડોકિયું કરી જુઓ કે આપણે બધા ક્યાં વર્ગમાં આવીએ છીએ.

સહનશીલતા

–મણીલાલ વી. પટેલ
ભવાનીપુરા–મોડાસા

દયાથી ભરપૂર દિલ એ સૌથી મોટી દોલત છે.

જ્ઞાનમાર્ગ પર ચાલતાં ચાલતાં ઘણા પ્રકારની વિપરીત પરિસ્થિઓનો સામનો કરવો પડે છે. અને લોકોમાં જે નિંદા વગેરે સાંભળવી પડે છે, તે સહન કરવામાં પણ આપણે તો આપણું કલ્યાણ જ માનવું જોઇએ. આ નિંદા વગેરે તો આપણી પરીક્ષા માટે જ કરવામાં આવતી હોય છે. જેથી આપણે જોઈ શકીએ કે આપણા મનમાં હજુ ક્રોધ અગર આવેશના સંસ્કાર છે કે નહિ ? પરમકૃપાળું પરમાત્મા ઉપરની આપની પ્રીત હજુ કાચી તો રહી નથી ને? થોડી મુશ્કેલીઓનો સામનો આપણે ન કરી શકીએ તેથી લક્ષ્યથી દૂર તો નથી જતા ને? આથી સર્વ પ્રકારની પરિસ્થિતિઓનો સામનો કરતાં વિચારવું જોઈએ કે "જેમ લૌકિક વ્યવહારમાં પણ મનુષ્ય, પોતાના મિત્ર સંબંધીઓ માટે અથવા કોઈ કાર્યની સફળતા માટે ખૂબ મુશ્કેલીઓ સહન કરતા હોય છે તેવી રીતે પરમકૃપાળું પરમાત્માના સ્નેહ માટે અગર પોતાના જીવનને ઉચ્ચ બનાવવા તથા ભવિષ્યની અખૂટ પ્રાપ્તિ અર્થે થોડું સહન કરી લેવું જોઈએ. આપણા માર્ગમાં તન, મન, ધન વગેરે રૂપમાં જે પરીક્ષાઓ અગર મુશ્કેલીઓ આવે તો એમ વિચારી ખુશી થવું જોઈએ કે.

"આ તો અમારાં જ પૂર્વકર્મોના ફળરૂપે જ અમારી સામે આવતાં હોય છે. તો પછી શા માટે એકવાર તેમનો સામનો કરી લઈ છુટકારો ન મેળવી લઈએ ?" આપણે બીજાના અવગુણ તથા બૂરાં કર્મો જોઈ ઉત્તેજિત અગર ક્રોધવશ ન થવું જોઈએ અને સદા પોતાનું એ લક્ષ્ય રાખવું જોઈએ કે, "મારે તો પોતાનું જીવન હીરા તુલ્ય બનાવવાનુ છે. મારે તો ગુણગ્રાહક બનવાનું છે. અને અવગુણો તો મારા જીવનમાંથી કાઢી મૂકવાના છે."

૧. કોઈના જીવનરૂપી સરોવરમાં કમળ ના ઉગાડો તો કાંઈ વાંધો નહિ પરંતુ પથ્થર નાખીને ડહોળું તો ના જ કરશો.

□

ઘર કેવું હોવું જોઈએ ?

–કુ. દિવ્યા સી. પટેલ
માતાજી કંપા–ખેડબ્રહ્મા

- જેમાં એક સુંદર મજાનું ઘર-મંદિર હોય.
- જેમાં નિયમિત સવાર–સાંજ દીવો–આરતી થતાં હોય.
- જેમાં નિયમિત ઘર સભા થતી હોય.
- જેમાં દરેક પરીવાર જન વ્યક્તિગત પુજા કરતો હોય.
- જેમાં વડીલોને આદર સત્કાર અપાતા હોય.
- જેમાં બાળકોને પ્રોત્સાહ અને પ્રેમ મળતાં હોય.
- જેમાં ઘાંટા–ઘાંટી કે ઝગડા થતા ન હોય.
- જેમાં ગંદકીનું સામ્રાજ્ય ન હોય.
- જેમાં શિક્ષણનો મહીમા હોય.
- જેમાં બાળકોની જિજ્ઞાસા પ્રેમપૂર્વક યોગ્ય ઉત્તરોથી સંતોષાતી હોય.
- જેમાં આંગણે આવેલા અતિથિનું ભાવભીનું સ્વાગત થતું હોય.
- જેમાં નૈતિક મુલ્યોનું સમર્થન થતું હોય.
- જેમાં કોઈને વ્યસન ન હોય.
- જેમાં આળસ કે પ્રમાદ ન હોય.
- જેમાં બાળકોની ઉપસ્થિતિમાં માતા–પિતાના મતભેદો વ્યક્ત થતા ન હોય.
- જેમાં પરસ્પર પ્રેમ અને આનંદ છલકાતાં હોય.

" માનવીની મનોવૃત્તિ કેમ બગડી ગઈ "

-લક્ષ્મીકાંન્ત આઈ. પટેલ લક્ષ્મણપુરા (ઈડર)

આપણે આપણા જ માણસોની ઈર્ષા કરવા લાગ્યા.

દેશની વ્યક્તિની સંસ્કૃતિ, સંસ્કાર અને સદાચાર તૂટવા લાગ્યા.

સંત-સજ્જન અને વડીલો સાથેની ઊઠ બેસ બંધ થઈ.

ધર્મમાં શ્રદ્ધા રાખવાને બદલે તર્ક શંકા અને ખોટી દલીલ કરતા થઈ ગયા.

અનૈતિક ધન પ્રાપ્તિ હોશિયારી ગણાવા લાગી. તેવું અન્ન-જળ આવતાં અનીતિ આચરતા અને મનને શાંતિને બદલે ચંચળતા અને અસ્થિરતા વધ્યાં.

કુટુંબમાં નબળા, મંદ અને માંદાને પોષવાને બદલે વડીલોને વૃદ્ધાશ્રમાં ધકેલતા વ્યક્તિના સ્વભાવમાંથી સહકાર સહન-શીલતા અને સદ્‌ભાવના મરી પરવારી.

સ્વદેશ-પ્રેમની ભાવના મરી ગઈ. સ્વાર્થ માટે રાષ્ટ્રદ્રોહ સામાન્ય ગણાયો અને નાગરિક તત્વ ફક્ત પુસ્તકમાં જ રહ્યું.

[જય ભગવાન]

વાગે-નોબત

-મણીભાઈ કે. પટેલ
પાલડીલાટ, અમદાવાદ.

વાગે નોબત કુચ તણી આ સતપંથી વીરા જાગો
જાગો સતપંથી જાગો...
ઓ સતપંથી વિરો સર્વે કરો કુચ તૈયારી,
સર્વે નિયંતા નિષ્કલંકીની હ્રદયે ભરો ખુમારી,
હણુવ ફોજ અધર્મ સામે જ્ઞાન જ્યોત પ્રગટાવો,
જાગો સતપંથી જાગો...
પ્રેરણાપીઠ કેરા શિખરો પર સતપંથ ધ્વજ દહેરાવો,
જય હો જય હો નિષ્કલંકીની ગગન નાદ ગજાવો,
ડરો ન આંધી તોફાનોથી સાહસ વીરો જાગો,
જાગો સતપંથી જાગો...
સ્વાર્થ, ઈર્ષા રાગ, દ્વેષ ને મોહમાનને મારો,
હટો ન પાછા ધિરજ ધારો નિષ્કલંકીનો સથવારો,
કુદો સિંહ સમા સુરવિરો આગે ભરો છલાંગો,
જાગો સતપંથી જાગો....
પુર્વેના ભક્તો વિરો યાદ કરો કુરબાની
પ્રેમ સમર્પણને શ્રદ્ધાની હ્રદયે ભરો ખુમારી,
યાદ કરીને તુટી પડોને આળસ નિંદ્રા ત્યાગો,
જાગો સતપંથી જાગો....

મહાવાકયો

કંચન પી. પટેલ, ધનાલકમ્પા (ખેડબ્રહ્મા)

૧. પ્રભુને ફરિયાદ ન કરો, પણ યાદ કરો.
૨. દેશ અને સમાજની સમસ્યાઓનો ઉકેલ 'પવિત્રતા'માં રહેલો છે.
૩. સત્ય બોલો, મધુર બોલો.
૪. ઓછું બોલો અને ધીમે બોલો.
૫. વીરતા અધીરતામાં નહીં, ધૈર્યમાં છે.
૬. જ્ઞાન બીજ છે, દિવ્યગુણો ફળ છે.
૭. આળસ મનુષ્યને પુરૂષાર્થહીન બનાવે છે.
૮. અહંકાર માનવીને હીન બનાવે છે.
૯. પવિત્રતા જ સુખ-શાંતિની જનની છે.
૧૦. પવિત્રતા સ્વર્ગ દ્વારની ચાવી છે.
૧૧. પવિત્રતા એજ સાચી પ્રતિભા છે.
૧૨. લક્ષ્યહીન મનુષ્યનું જીવન કોડીતુલ્ય છે.
૧૩. સરળતા માનવજીવનનો શણગાર છે.
૧૪. અવગુણ પોતાના જુઓ, ગુણ બીજાના જુઓ.
૧૫. સહનશક્તિથી સ્નેહ વધે, સંકુચિતતાથી સ્નેહ ઘટે.
૧૬. વીતી ગયેલ વાતનું ચિંતન ન કરો.
૧૭. ક્રોધ અગ્નિ છે, તેનાથી દૂર જ રહીએ.
૧૮. કથની અને કરણી સમાન રાખો.
૧૯. ખોટી પ્રશંસા ન કરો, ન સાંભળો.
૨૦. નિંદા હમારી જો કરે, મિત્ર હમારા સો હોય.
૨૧. સમયને નષ્ટ ન કરો, નહિ તો સમય નષ્ટ કરી દેશે.
૨૨. આ સંસાર હાર-જીતનો ખેલ છે, તેને નાટક સમજીને ખેલો.
૨૩. ચિંતા છોડી ને પ્રભુચિંતન કરો.
૨૪. ગુણવાન વ્યક્તિ તરફ સૌ કોઈ આકર્ષાય.
૨૫. સર્વના સ્નેહી અને સહયોગી બનો.
૨૬. પ્રારબ્ધનું ચિંતન છોડી પુરુષાર્થ શ્રેષ્ઠ બનાવો.
૨૭. અહંકાર મનુષ્યને અલંકારહીન બનાવે છે.
૨૮. 'હું આત્મા છું, શરીર નહિ' આ ચિંતન સદા રાખો.
૨૯. એક ઈશ્વરનો આધાર અને ભરોસો રાખો.
૩૦. આત્માનો દીવો પ્રગટાવો, જ્યોત સે જ્યોત જલાવો.
૩૧. દરેક કાર્ય કરતાં પહેલાં પરિણામનો વિચાર કરો.
૩૨. દિવ્ય ગુણોને ધારણ કરવા, એજ સાચો પુરુષાર્થ છે.
૩૩. નમ્રતા એ મહાનતા છે.

□

— ભજન —

—કુ. નિશા આર. પટેલ
કાલના (W.B.)

જેને સંત સમાગમ સાચો થયો,
તેના અંતરનો અંધકાર ગયો....

જેને જ્ઞાન રવિનો ઉદય થયો,
તેનો રજ્જુનો સર્પ ભુંસાઈ ગયો....જેને.

જે જ્ઞાન ગંગામાં ડુબી ગયો,
તેનો ભવજળ સિંધુ સુકાઈ ગયો...જેને.

જેનો ઘટ મઠ ભાંગીને ભુક્કો થયો,
પછી આપમાં આપ સમાઈ રહ્યો....જેને.

જે સપના માંહી ઘાયલ થયો,
સ્વરૂપ જાગે તો સંશય ગયો ....જેને.

એ નથી દયાળુ નાનો કે મોટો,
એ આત્મા રૂપે સહુમાં રહ્યો...જેને.

અધુરૂં દાન

—નાથુભાઈ જાદવ

બ્રાહ્મણ દંપતિ, ઉદાર અને દાની.

એમના ઘરથી કોઈપણ માંગનાર પાછો જાય જ નહીં. કાંઈને કાંઈ મેળવીને જ જાય. સાધુ વૈરાગી, ભિખારી કે પરદેશી જે જાય તેનો તે સત્કાર કરતા, અને યથાશક્તિ દાન આપતા.

આ દંપતિ ધનવાન નથી, છતાં દિલ ઉદાર છે. મન પવિત્ર છે. એજ એમની મોટી પુંજી છે. એજ એમની જાહોજલાલી છે. જે ચારે તરફ જાણીતી છે. બ્રાહ્મણનું નામ ભારવિ. સંસ્કૃતના એ મોટા પંડિત. એમને રચેલી કવિતાઓ, આમ જનતાથી માંડી, રાજા-મહારાજાઓને ખૂબ ગમતી. તેથી તે આદરણીય હતા. વેદ-વેદાંત અને શાસ્ત્રમાં તે પારંગત હતા. તેમની કવિતા દૂર દૂર સુધી જાણીતી હતી, તેથી તે સંસ્કૃતના મહાકવિ તરીકે પંકાતા હતા.

બિચારી પત્ની કોઇકવાર વિમાસણમાં પડી જતી ઘરમાં જે કાંઇ હોય, તે આપવામાં ખચકાતી નહીં. પણ જ્યારે આપવા માટે કશું જ ન હોય તો શું કરે?

અનાજ, પૈસા કે વસ્ત્ર. જેવી જેની જરૂરિયાત તેવું તેને દાન. પણ પૈસા કે અનાજ ન હોય, વસ્ત્ર કે રાંધેલું અનાજ પણ ન હોય તો શું આપવું? જ્યાં પોતાને પેટ પૂરતું ખાવા ન હોય, ત્યાં બીજાને દાનમાં શું આપી શકાય?

છતાં અતિથિ સત્કારમાં કમી રખાતી નથી. ભારવિ હસતે મોંએ સૌને આવકાર આપે છે. અને ઘરમાંથી કાંઈને કાંઈ દાન આપી વિદાય કરે છે.

પત્ની ફરિયાદ કરે છે.

'ઘરમાં હવે કાંઈજ નથી, અન્ન, વસ્ત્ર અને ઘરેણાં બધુંજ અપાય ચૂક્યું છે. મારા અંગના ઘરેણાં સુદ્ધાં આ કાર્યમાં આપી ચૂકી છું. હવે આ ઉદારતા બંધ કરો તો સારું!'

ભારવિ કહે છે :

'આપણે જે કંઈ આપ્યું છે, તે તેની જરૂરિયાતવાળી વ્યક્તિને જ આપ્યું છે. દાન આપવામાં ઉદારતા શો!' પત્ની શું બોલે? પણ ઉદારતાની હદ કસોટીમાં પરિણમી.

ભૂખ્યા પતિને જોઇ પત્નીની આંખ ભરાઈ આવતી, તેથી એના છાના આંસુ પાલવમાંજ સમાઈ જતાં.

ભારવિનું અંતર ક્યારેક દુભાતું. પત્નીની દશા જોઇ તે મનોમન દુઃખી થતા. 'મેં આ શું કર્યું. દાન આપવાની ધૂનમાં મેં બિચારીના બધાં ઘરેણાં પણ વેચી નાંખ્યા.!'

પણ શું થાય? ભારવિ પોતાના સ્વભાવથી લાચાર હતો. તેને તો દાન આપવાનું જાણે વ્યસન લાગી ગયું હતું.

એક દિવસની વાત, પત્ની માંદી પડી એનો ઇલાજ કરવા ફૂટી કોડી પણ ન મળે. ભારવિ ખૂબ મૂંઝાયો.

હવે શું થાય? આજ સુધી કોઇની પાસે હાથ ધર્યો નથી, કે કોઈની પાસે માંગ્યું નથી. ઉલટું જે હતું તે આપી દીધું.

આમ વિચારે છે, ત્યાં તેની નજર પત્નીના હાથ પર પડી તેણીના હાથમાં સોનાના કંગન હતાં. જે તેના સોહાગની નિશાની હતા.

ભારવિએ પત્નીને કહ્યું :

'જો, આ આવેલું સંકટ ટાળવાનો ઇલાજ માત્ર આ તારા કંગન છે. સુખ-દુઃખ તો આવ્યા જ કરે. તારું આ ફિક્કું મોં અને અશક્ત શરીર મારાથી જોઈ શકાતા નથી, વળી તને આવી સ્થિતિમાં મૂકીને બહાર પણ જઇ શકું એમ નથી.

માટે તારા આ કંગન આપ, તો હું એને ગીરવે મૂકી તારા માટે દવા વગેરેનો બંદોબસ્ત કરું.' આ સાંભળી પત્ની સહસા બોલી ઊઠી.

'ના, ના. એવો જુલ્મ ન કરશો, આ કંગન તો મારા સોહાગની નિશાની છે. એને હું કેવી રીતે હાથમાંથી કાઢી શકું! મારા પ્રાણ કરતાંય તે વધારે કિંમતી છે.' આ સાંભળી ભારવિ ચૂપ થઇ ગયો. હવે તે પત્નીની પથારી પાસે બેસી નિરાશ વદને વિચારવા લાગ્યો.

થોડીવાર થઇ હશે, ત્યાં તેના બારણે એક ગરીબ બ્રાહ્મણ આવીને ઊભો. દયામણે ચહેરે હાથ જોડી કહેવા લાગ્યો :

'મહારાજ, મોટા સંકટમાં આવી પડયો છું આપની ઉદારતા અને દાનવૃત્તિની વાત સાંભળીને આપની પાસે આવ્યો છું. મોટા રાજા-મહારાજા ઓને વિનંતી કરી, પણ કોઇએ મારી વાત ન સાંભળી. મેં સાંભળ્યું છે કે, આજકાલ આપ પણ બહુ મુશ્કેલીમાં છો. પણ શું થાય, હું લાચાર છું. ના છૂટકે આપની પાસે મદદને માટે આવ્યો છું.

કાલે મારી દીકરીનું લગ્ન છે. મારી પાસે કાંઈ જ નથી. કશું ન કરી શકું તો પણ દીકરીને રિવાજ મુજબ સૌભાગ્યની નિશાનીરૂપ સોનાની બે બંગડી તો આપવી જ પડે.

-ભારવિ વિચારમાં પડી ગયો. થોડી વાર રહી તે અંદર ગયો. તેને જોયું કે, પોતાની પત્નીની આંખો મીંચાયેલી હતી, તે ઉંઘતી હોય એવું લાગતું હતું. પત્નીના હાથમાં સોહાગ કંગન ચમકતા હતા. બીજી બાજુ બહાર બ્રાહ્મણ આશા લઇને ઊભો હતો.

ભારવિ વાંકો વળ્યો. હળવે રહી તેને પત્નીના એક હાથનું સોનાનું કંગન કાઢયું. અને પત્ની જાગી ન જાય, એ રીતે છાનોમાનો બહાર આવ્યો, અને પેલું કંગન બ્રાહ્મણને આપતા બોલ્યો :

'લ્યો ભાઈ, મારી પાસે આપવા માટે આનાથી વધારે બીજી કોઈ વસ્તુ નથી. આનાથી તમારું કામ ચલાવી લેજો!'

બ્રાહ્મણ ગદ્‌ગદ્ થઈ ગયો. આભારવશ લાગણી બતાવતો તે ચાલવા લાગ્યો....ત્યાં પાછળથી ધીમો અવાજ આવ્યો.

'ઊભા રહો ભાઈ! આ બીજું કંગન પણ લેતા જાવ!' આમ બોલી ભારવિની બિમાર પત્નીએ પોતાનું બીજું કંગન પણ પેલા બ્રાહ્મણના હાથમાં હસતે મોંએ મૂકી બ્રાહ્મણને વિદાય કર્યો.

પછી ભારવિએ પત્નીને કહ્યુ :

'તેં આ શું કર્યું? તારા સોહાગનું બીજૂં કંગન પણ આપી દીધું! તારા સોહાગની નિશાની પણ ન રાખી?' -પત્ની હસતા મોંએ બોલી :

'મારું સૌભાગ્ય તો આપ છો જ, પછી આવી ક્ષુલ્લક વસ્તુની શી જરૂર! વળી દાન અધુરૂં ન અપાય. એ તો પૂરું આપ્યાથી જ શોભે! તમે એક કંગન આપ્યું તે અધૂરૂં દાન હતું. તેથી મેં બીજું કંગન આપી પૂરું કર્યું.

પતિ-પત્નિ એક બીજા સામે રહ્યાં. તેમની દૃષ્ટિમાં દાન આપ્યાનો સંપૂર્ણ સંતોષ હતો.

— રત્નકણિકાઓ —

કુ. કોમલ બી. પટેલ (બારસોલ-ખેડબ્રહ્મા)

- જ્યાં સુધી નારીનું સન્માન નહિ થાય ત્યાં સુધી સંસ્કૃતિનું ઉત્થાન નહિ થાય.
- સંસાર, સ્વર્ગ ક્યારે બનશે, જ્યારે વડીલો, બાળકોને જે શીખવાડશે તે જ આચરશે ત્યારે.
- સુખ ત્યાં છે જ્યાં પ્રકાશ છે, પ્રકાશ ત્યાં છે જ્યાં ધર્મ છે, અને ધર્મ ત્યાં છે જ્યાં સત્ય છે માટે સુખ માટે હંમેશાં સત્ય બોલો.
- સદાચારી અને કર્તવ્ય પરાયણો માટે જ પરમેશ્વરનો પ્રેમ સુરક્ષિત છે.

જ્ઞાનાગ્નિ કેવી રીતે પ્રગટ થાય

અશ્વિનકુમાર આર. પટેલ
માળકંપા મોડાસા

જીવ પોતાના અસલ સ્વરૂપને, ભૂલી ગયો છે, જીવ બ્રહ્મનો જ અંશ છે, બ્રહ્મ સત્, ચિત્ત, આનંદ સ્વરૂપ છે. માટે જીવ પણ સત, ચિત્ત, આનંદ સ્વરૂપ જ છે. પરંતુ જીવને તેનું ભાન નથી. તેથી જન્મ-મરણના ચક્કરમાં ભટકાય છે. ભગવાન ગીતામાં કહે છે કે જીવ બ્રહ્મનો અંશ હોવા છતાં, મુક્ત હોવા છતાં માયાના વશમાં આવી જઈને બદ્ધ થઈ ગયો છે.

જીવને પોતાના સ્વરૂપનું યથાર્થ ભાન થાય તેનું જ નામ જ્ઞાન, અને જ્ઞાન થતાંની સાથે જ તેનાં તમામ સંચિત કર્મો બળીને સાફ થઈ જાય. જીવન સ્વરૂપનું ભાન થવું બહુ કઠણ છે, તે તો કોઈ સમર્થ ગુરૂ મળે તો જ જ્ઞાન પ્રાપ્ત થાય. દ્રષ્ટાંત.

એક સિંહનું નાનું બચ્ચું જન્મતાંની સાથે જ તેની માથી વિખૂટું પડી ગયું. એક ઘેટાંના ટોળાના માલિક ભરવાડે આ બચ્ચાને ઘેટાંના ટોળા ભેગું ઉછેરીને મોટું કર્યું આ સિંહનું બચ્ચું કાયમ ઘેટાંના ટોળા ભેગું ફરતું હતું. અને અજ્ઞાનને વશ થઈને પોતાની જાતને ઘેટું જ માનવા લાગ્યું હું ઘેટું જ છું, તેવી તેની દ્દઢ માન્યતા બંધાઈ ગયેલી એક વખત એક સિંહ ફરતો ફરતો ઘેટાંના ટોળા નજીક આવ્યો, જેમાં આ સિંહનું બચ્ચું હતું. સિંહને જોઈને ઘેટાંનું ટોળું ભાગ્યું. પેલા સિંહને આશ્ચર્ય થયું કે આ બધાં ઘેટાં ભેગું મારી જાતનું આ સિંહનું બચ્ચું ઘેટાની માફક કેમ ભાગે છે સિંહ પેલા બધાં ઘેટાંને જતાં કર્યા. અને સિંહના બચ્ચાને જ પકડયું. સિંહનું બચ્ચું કરગરવા માડયું કે ભાઇસાબ હું ઘેટું છું. મને મારીના નાખશો.

સિંહે કહ્યું. અરે ભાઈ, તું ઘેટું નથી. તુતો મારી જાતનું સિંહનું બચ્ચું છે. તારે મારાથી ડરવાનું ના હોય હું તને મારી નહિ ખાઉં.

પરંતુ સિંહનું બચ્ચું માન્યું નહી. તેને વિશ્વાસ પડયો નહી. તે તો એમ જ કહેવા લાગ્યું કે હું ઘેટું જ છું. મને મારી ના નાખશો. પણ પેલો સિંહ તેને એક તળાવના કિનારે લઈ ગયો અને કહ્યું કે આ તળાવના પાણીમાં તારૂં મોં જોઇલે.

તારૂં અને મારૂં મોં એક સરખું આવે છે કે નહીં. હું ત્રાડ નાખું એવી ત્રાડ તું નાખ. અને પેલા બચ્ચાએ સિંહના જેવી ગર્જના કરી. તેને તેના અસલ સ્વરૂપનું ભાન થયું તેજ વખતે ભયમુક્ત થઈ ગયું અને સિંહ સાથે ચાલ્યું ગયું. બસ બરાબર એજ સિંહની જેમ ગુરૂ-જ્ઞાનથી જીવને અસલ સ્વરૂપનું ભાન થાય છે. માટે આપણે સતપંથી (સિંહ) છીએ ઘેટા જેવા કાયર બનવાની જરૂર નથી.

□

કાવ્ય

-કું. નયના કે. પટેલ
ડુંગરપુરા-અમીરગઢ (B.K.)

મને નિષ્કલંકી પ્રભુનું ધામે ગમે,
એ તો મારા મનમાં રમે.
પ્રેરણા પીઠનું શું રહસ્યભર્યું,
જ્ઞાન અમૃતનું એમણે પુસ્તક રચ્યું.
એક વખત અહીં આવો હરી,
મધુરસી વાણી સંભળાવો ફરી.
જે કોઈ નિત્ય પાઠ કરે,
તેનું જરૂર કલ્યાણ કરે.
આ દાસની અરજ સાંભળો હરી,
દર્શન દઈને મને પાવન કરો.

□

અભિમાનથી કેમેય ન છલકાવું

–કાન્તિલાલ એચ. પટેલ, હરીપુરા S.K.

ગુજરાત પ્રાંતનો સુકો અને વારંવાર દુષ્કાળના પંજામાં સપડાતા કચ્છ જીલ્લાના નખત્રાણા ગામની આ વાત છે. આ ગામનો વિરજી નામનો એક યુવાન કે જેને હજુ મુછનો દોરો ફુટવાની તૈયારી થઈ ચુકી હતી તેવી ભર જુવાનીના ઉંમરે ઉભેલા વિરજી પાસે ખેતી લાયક જમીન તો હતી જ પણ વર્ષો વર્ષ રહેતી અનાવૃષ્ટિ ના કારણે ખેતી નિષ્ફળ જતાં વિરજી ના ઘરની આર્થિક પરિસ્થિતિ દિન-પ્રતિ દિન ઘસાતી જતી હતી તેમાંય ઘરડાં મા–બાપ નાનાં ભાઈ ભાંડુની ચીંતા તેને સવિસેષ હતી. આમાંથી બહાર નીકળવા વિરજીએ મુંબઈ તરફ કમાવા જવાની ઇચ્છા દર્શાવી.

માતાજી કંકુબાઇ એ આટલી કાચી ઉંમરના દિકરાને પોતાનાથી અળગો કરવાની બિલકુલ ઇચ્છા ન હોવા છતાંય ઘરની ચિંથરેહાલ પરિસ્થિતિનો વિચાર કરી માતાજી કંકુબાઇએ વિરજીને રડતા હૃદયે મુંબઇ જવાની અનુમતિ આપી. અને સાથો સાથ વિરજીને જોઇતી કપડાંની બે-ત્રણ જોડ, નાનકડી પથારી, ભાડા માટે નજીવી રકમ વિગેરેની વ્યવસ્થા કરી ઘરનાં સર્વે મળી ને વિદાય આપી. વિદાય આપતાં માતુશ્રી એ વિરજી ને કહ્યું "બેટા, મારે તને બીજી કોઈ શિખામણ કે સલાહ નથી આપવી પણ એટલી ભલામણ કરૂં છું કે તું મુંબઈ જઈ કમાઈ ગમે તેટલો સાધન સંપ્પન બન, તારે રહેવા બંગલા હોય, ફરવા મોટર ગાડીઓ હોય, નિત નવાં-નવાં ભોજન જમવા હોય પણ અત્યારે જે પહેરવા માટે કપડાં છે તે અને તારી આ નાનકડી પથારીને તું જીવની જેમ સાચવજે અને દરરોજ આ જરી પુરાણાં કપડાં ઉપર અને નાનકડી પથારી ઉપર એક નજર ફેરવી લઇ કામ ધંધાની શરૂઆત કરજે. માતાની શિખામણ કહ્યાગરા પુત્ર વિરજીએ સહર્ષ માથે ચડાવી અને આંખમાં વિદાયનાં આંશુ લઈ મુંબઈની વાટ પકડી.

મુંબઈ પહોંચ્યા બાદ વિરજી એક શેઠને ત્યાં કડીયા–મજુર તરીકે કામે લાગ્યો. મજુર માંથી થોડાક મહિના બાદ કડીયા કામ કરતો થયો અને પોતાની કમાણી માંથી પોતા પુરતુ રાખી બાકી રકમ ઘેર નિયમિત મોકલતો રહતો. પોતાની આગવી ખંત અને મહેનતથી ધીરે ધીરે વિરજી પ્રગતિનાં શિખરસર કરતો ગયો. એવામાં વતનમાં વિરજી માટે યોગ્ય કન્યા તેના માતા–પિતા એ જોઈ રાખી હતી જેની વિરજીને જાણ કરતા વિરજી લગ્નાર્થે વતન આવ્યો. લગ્ન કરી બંન્ને નવદંપતીએ માતા–પિતાના આશીર્વાદ મેળવી મુંબઈ તરફ પ્રયાણ કર્યું.

દસ વર્ષ બાદ તો વિરજી કોન્ટ્રાકટ બની ગયો. લોકો તેને વિરમદાસ શેઠનું સંબોધન કરવા લાગ્યા. ઘેર દરેક પ્રકારે જાહોજહાલી આવી સાથોસાથ કમાનુસાર તેને ત્યાં ત્રણ બાળકો પણ થયાં. ઘેર નોકર, ચાકર, બાળકોને સ્કુલે મુકવા નોકર, પત્નિને બજારમાં ખરીદી કરવા ગાડી–ડ્રાયવર બધુજ હાજર....અરે એમ જ કહોને પ્રભુએ વિરજીને ત્યાં કોઈ વાતનું દુઃખ ન રાખ્યુ. પણ હા...વિરજી ને તેની માતાની આપેલ જુના પુરાણા કપડાં અને જુની પુરાણી પથારી ઉપર નજર ફેરવી લેવાની પ્રક્રિયા અવિરત્ પણે ચાલુ રાખેલ જેથી કરીને વિરજીને પોતાની ગરીબીના દિવસો બરાબર યાદ રહેતા, તે જૂના કપડાં અને જુની પથારી ગરીબીના દિવસોની અનુભુતિ કરાંવતાં તેનાથી વિરજીને અભિમાનનો સ્પર્શ પણ નહોતો થતો અને પોતાની પાસે આવતા ગરીબ શ્રમજીવીઓને આદરથી બોલાવી કામ આપતો તેઓને પગભર થવા મદદ રૂપ બનતો આમ પોતે વિરજી માંથી વિરમદાસ શેઠ બન્યા હોવા છતાંય માતાએ આપેલ શિખામણ જીવનમાં ખુબ ઉપયોગી બની.

પ્રાર્થનામાં વિશ્વાસ

–હરેશ એસ. પટેલ
લવાડ ફાર્મ–દહેગામ,
–ધનજીભાઈ કે. પટેલ
ધોળીવાવ–વિજયનગર

એક વખત એક પ્રદેશમાં વરસાદ ન વરસવાથી સમગ્ર પ્રદેશમાં પાણીની તીવ્ર તંગી વરતાવા લાગી, નદી નાળાં સુકાઈ ગયાં કુવાનાં તળ ઊંડે ગયાં પાણી ના અભાવે પશુ, પંખી, માણસો સૌ દુઃખી દુઃખી થઈ ગયા, પરંતુ આવી કુદરતી આફત સામે શું કરી શકાય !!

એક પ્રભુ ભક્ત સંત પુરૂષે ગ્રામજનોને ભેગા કરીને કહ્યું કે કુદરતી આફત સામે પ્રાર્થના જ એક સરળ સાધન છે. આપણા સૌના હ્રદયમાં જો સાચો ભાવ હોય અને સાચા દિલથી જો પ્રભુ પ્રાર્થના કરીએ તો આપણા દિલનો એ પોકાર ઈશ્વર જરૂર સાંભળશે તો આવતી કાલે. જ સવારે ગામના પાદરે આવેલ મંદિરના ચોકમાં સાચા દિલથી અને પુરી શ્રદ્ધાથી પ્રભુ પ્રાર્થના કરીએ. આમ કરીશુ તોજ આપણે સૌ અનાવૃષ્ટિના કોપથી બચી જઈશું !

ગ્રામજનો અબાલ, વૃદ્ધ, નર–નારી સૌ એ સંત પુરૂષની સલાહ માની બીજા દિવસે મંદિરના ચોકમાં સમુહ, પ્રાર્થનાનું આયોજન થયું. ગ્રામજનો સૌ એકઠા થઈ પ્રાર્થના કરવા લાગ્યા. તે સમયે ગામનો જ 'બાલુ' નામનો એક ભલો ભોળો છોકરો પગમાં જોડા પહેર્યા વિના છત્રી હાથમાં લઈને પ્રભુ પ્રાર્થનામાં જોડાવા ત્યાં આવી પહોંચ્યો. ગામના સૌ વડીલો એ બાલુને પુછયું "છોકરા તુ છત્રી લઈને શા માટે આવ્યો છે ?" વરસાદ કયાં છે ! બાલુ એ કહ્યું આપ સૌની વાત સાચી છે કે વરસાદ હોય ત્યારે જ છત્રીની જરૂર પડે પરંતુ આપણે બધા ઈશ્વર પાસે વરસાદ માગવા આવ્યા છીએ આપણે અંતઃકરણ પૂર્વક પ્રાર્થના કરીશું તો જરૂર વરસાદ પડશે, ત્યારે છત્રીની જરૂર પડશે જ તમે સૌ છત્રી વગર આવ્યા છો કેમકે તમને તમારી પ્રાર્થનામાં અને ઈશ્વરમાં અડગ શ્રદ્ધા નથી !! અડગ વિશ્વાસ નથી !! મને તો મારા પ્રભુમાં પૂરેપૂરો વિશ્વાસ છે કે મારી પ્રાર્થના સાંભળી પ્રભુ જરૂર વરસાદ વરસાવશે જ !! જેથી વરસાદથી બચવા માટે છત્રી લઈને હું અહીં આવ્યો છું. બાલુની અડગ શ્રદ્ધા ઈશ્વરને પણ ડોલાવી ગઇ. વરૂણ દેવની કૃપા થઈ !! મુશળધાર વરસાદ તુટી પડયો !! બાલુ નાચતો કુદતો છત્રી ઓઢી હર્ષભેર પોતાના ઘર તરફ ચાલી નીકળ્યો.

આપણી પ્રાર્થનામાં અને ભક્તિમાં બાલુ જેવી અડગ શ્રદ્ધા હોય તો જરૂર યોગ્ય ફળ પ્રાપ્ત થાય જ !!!

□

કોણ શું કહે છે

–પ્રકાશ એમ. પટેલ
ભવાનીપુરા (મોડાસા)

ફૂલ – મારી માફક જિંદગીમાં સુખ અને દુઃખમાં હસતા રહો.

ફુગ્ગો – ખૂબ ફુલવા જશો તો ફાટી જશો.

દીવો – નાના પણ મોટાની ગરજ સારે છે.

વાદળ – મારી જેમ બીજાને માટે વરસી જતા શીખો.

ભમરો – સુખ અને દુઃખમાં ગાતા રહો.

ચંદન – પોતે ઘસાઓ અને બીજાને શીતળતા આપો.

મોર – ઊંચા સ્થાને રહી મધુર ભાષણ કરો.

એરણ – સહન કરશો તો સખત થાશો.

હથોડો – ઘા કરનાર થાકશે, પણ સહન કરનાર થાકશે નહિ.

□

❋ સુખી જીવનની ઉત્તમ ચાવીઓ ❋

–શામજીભાઈ ડી પટેલ –ધરમેડા, S.K.

- પહેલી ચાવી એ છે કે આપણા માતા–પિતાની તન, મન ધનથી સેવા કરવી તે આપણી પ્રથમ ફરજ છે. શાસ્ત્રોમાં " માતૃ દેવો ભવઃ પિતૃદેવો ભવઃ " એવો ઉલ્લેખ છે. એટલે કે માતાપિતા દેવ સમાન છે. તેમના આત્માને કદી ઠેસ ન પહોંચે તેનો ખ્યાલ રાખવો, માતા–પિતા દુઃખી હશે ને જો આપણે "લાખ" કમાતા હોઈશું પણ એ લાખ નથી "રાખ" છે!! તેમ નક્કી માનજો.
- બીજી ચાવી "અતિથિ દેવો ભવઃ" એટલે કે આપણે ત્યાં આવેલો અતિથિ દેવસમાન છે. તેમ માની તેને સન્માનીત કરવો. ભોજન આદિની યોગ્ય વ્યવસ્થા કરવી. તેમાંય ખાસ કરીને બેન, ભાણેજને તો યોગ્ય સન્માનીત કરવાં, તેઓ જેટલા દિવસ આપણે ત્યાં અતિથિ તરીકે રહે તેટલા દિવસ તેમને સંતુષ્ટ અને આનંદીત રાખવાં, જ્યારે તેઓ વિદાય લે ત્યારે તેમને યથાશક્તિ ભેટ આપીને જ વિદાય કરવાં, બેન–દીકરી, ભાણેજના આશીર્વાદ આપણા માટે દેવોના આશીર્વાદથી પણ વિશેષ છે.
- ત્રીજી ચાવી "આચાર્ય દેવો ભવઃ" ધાર્મિક ક્ષેત્રે ગુરૂની આજ્ઞા પ્રમાણે ચાલવું. ગુરૂએ જે મંત્ર સૂચવ્યો હોય તેનું રટણ સતત ચાલું રાખવું જેનાથી આપણે મોક્ષમાર્ગી બનીશું.
- ચોથી ચાવી કળિયુગના મહાપ્રભુજી શ્રી નિષ્કલંકી નારાયણને દરરોજ તન, મન, ધનથી નમન કરવું. ચરણામૃત લેવું. ચંદન તિલક કરવું, દરરોજ સવાર–સાંજ પ્રાર્થના અર્ચના આરતી વિ. માં અચુક હાંજરી આપવી.
- પાંચમી ચાવી અનુષ્ઠાન કરવા અંગેની છે. એટલે કે આપણા જીવનમાં કોઈ પ્રશ્નો મુંઝવતા હોય, કોઈ કલેશનું વાતાવરણ સર્જાતુ હોય, આવકના પ્રશ્નો મુંઝવતા હોય તો પોતાના ધંધામાં પ્રભુજીને ભાગીદાર બનાવો આ સમયે કોઈ પાખંડી, ભુવા કે ધુતારાને ન પુજતાં ઘરને મંદિર માની ઘરમાં જ યોગ્ય સ્થળ પસંદ કરી સવા લાખ " ૐ શ્રી નિષ્કલંકી નારાયણ નમઃ " ના મંત્રો જાપ કરવા જેથી આપણા પ્રશ્નોનું અચુક નિવારણ થશે. ! અનુષ્ઠાન વિધિસર કર્યું હશે તો જરૂર ફાયદો થશે, અનુષ્ઠાન સાચા ભાવથી કરવું વેઠના રૂપમાં નહીં.

વિણેલા મોતી

- સજ્જન માણસ એ કે જે બે જણ ને ભેઠા કરે.
- હંમેશાં હૃદયમાં એવું ચિંતન કરો કે હું ભગવાનનો છું ભગવાન મારા છે.
- મર્યાદામાં ચાલો–વ્યવહાર એવો કરો કે જે બીજાને અડચણરૂપ ન બને.
- ઘસાઈને ઉજળા થઈએ, બીજાના ખપમાં આવીએ.
- દુર્જન તજે ન કુટીલતા, સજ્જન તજે ન હેત.
- જેમ ગુલાબ કાંટામાં હસતું રહી સુવાસ જ ફેલાવે છે તેમ આપણે પણ દુઃખમાં હસતા રહી સત્કર્મ જ કરવું જોઇએ.
- આદત, દાનત, સોબત, ભોજન શુદ્ધ રાખજો.

સંકલન : જી. કે. પટેલ, વજેપુરા S.K.

આપણી સંસ્કૃતિની અવદશા !

–રવજીભાઈ જી. પટેલ, વિગોડી-કચ્છ

ભારતીય સંસ્કૃતી પ્રમાણે પરંપરાથી દેવ-દેવીઓને પુજનીય ગણવામાં આવે છે. જુદા જુદા દેવદેવીઓની પુજા જુદી જુદી રીતે કરવામાં આવે છે. તે સર્વ દેવદેવીઓ પૂર્ણ ઇશ્વરના અંશો જ છે. આપણે તે સર્વની પ્રતિમા, મૂર્તિ, જ્યોતિ એમ જુદા જુદા ભાવથી પુજીએ છીએ. તે દેવોની પુજા કરવી તે સત્ય છે. પણ દેવ-દેવીઓને આપણે પોતાના વ્યવસાય માટે પ્રચારનું માધ્યમ બનાવી અગરબત્તીના પેકેટ ઉપર, દિવાળી કાર્ડમાં, સાબુ પર, ફટાકડા પર, વર્તમાન પત્રીમાં, કેલેન્ડરોમાં વિગેરેમાં છપાવી આપણા દેવ-દેવીઓની તથા આપણી સંસ્કૃતીની હાંસી ઉડાડીએ છીએ !!! દેવ-દેવીઓના ફોટા જ્યારે જુના-ખરાબ થાય છે ત્યારે તે ફોટાઓ ઉકરડે, કચરાપેટી, ગટરમાં તેમજ રસ્તા ઉપર રખડતા જોવા મળે છે. શું આ આપણી સંસ્કૃતી !!!

દિવાળી પર્વમાં તથા લગ્ન, ઉદ્ઘાટન જેવા પ્રસંગે ફટાકડા ફોડવામાં આવે છે. તે ફટાકડાના પેકેટ ઉપર લક્ષ્મીજી, રામ-સીતા, કૃષ્ણ વિ.ના ફોટા હોય છે. જે આપણા પૂજનીય છે. તે દેવોને ભડાકે ઉડાડવામાં આવે છે. કચરામાં નાંખી બાળવામાં આવે છે. ધનતેરસના શુભ દિવસે ઘરમાં લક્ષ્મીનું પૂજન કરીએ છીએ અને બહાર આવી લક્ષ્મીજીને ભડાકે ઉડાડીએ છીએ !!! કેવી વિચિત્રતા !!! "જેની આપણે કરીએ પુજા તેને આવી સજા" તો મિત્રો પોતાના વ્યવસાયના પ્રચાર માટે દેવ-દેવીઓને માધ્યમ ન બનાવીએ અને આવી હીન પ્રવૃતીને રોકવા પ્રયત્ન કરીએ !!

જે દેવ - દેવીઓના આપણે આશીર્વાદ મેળવવાના છે. તેને બદલે તેમનો કોપ આપણા ઉપર ન ઉતરે, આપણી ઉચ્ચ સંસ્કૃતીની અધોગતી ન થાય તે માટે જ્ઞાની, મહાપુરૂષો, સાધુ-સંતોએ પણ આ બાબતે વિચારી યોગ્ય માર્ગ-દર્શન આપી યુવા પેઢીને યોગ્ય રસ્તે વાળવા પ્રયત્નશીલ રહેવું !!

પ્રભુનામનો મહિમા

–કુ. હેમુ ચંદુભાઈ પટેલ નારણપુરા–નડીયાદ

માણુસનો મૂળ પાયો આહાર ઉપર રહેલો છે. આપણે સાત્વિક ખોરાક લઈશું તો સાત્વિક વિચારો આવશે અને સત્વ વસ્તુની આપણને સમજ પડશે. પ્રભુસ્મરણ કરવાના વિચારો આવશે. આપણને મનુષ્ય અવતાર મળ્યો છે તો જ્ઞાન, ભકતી અને વૈરાગ્યના સહયોગથી પ્રભુનું સ્મરણ કરી જીવન ધન્ય બનાવીએ.

ક્યારેક માનવીને ભણતર હોય પણ ઘડતર ન હોય એટલે દલીલો કરે છે કે પ્રભુનામથી તે વળી શો ફાયદો થવાનો છે? જે રામનામનો મહિમા સદાશીવ ભગવાન શંકરે પણ ગાયો છે અને ઋષીમુનીઓએ પણ પ્રભુનામના મહિમાનું વર્ણન કરી પ્રભુમય બની ગયા છે. તો આ પાવનભૂમીમાં આપણે ઋષીમુનીનાં સંતાનો છીએ આ દેશમાં જન્મેલો માણુસ પ્રભુનામને ભૂલે તો મારે એટલું જ ભાઈ-બહેનો અને વડીલોને કહેવાનું કે પ્રભુનામ વિના ચાલવાનું નથી. પ્રભુનામને ભૂલી જઈશું તો મૃત્યુ પછી પ્રભુનો આશરો લેવો જ પડશે.

આ પ્રભુનામની દિવ્યગાથા મારા જેવી કોઈ સાધારણ નારીએ ગાઈ હોય તેવું નથી. પરંતુ અનેક ભકતોએ પ્રભુનામનો આશરો લઈ જીવન ધન્ય ધન્ય બનાવ્યું છે. પ્રભુએ ભકતોનાં અનેક કામ કર્યાં છે. ભકતોની વ્હારે અનેક રૂપે દોડીને ગયા છે. જેની ઇતિહાસ અને પુરાણોમાં સાક્ષી છે.

આ સંસાર કર્મ ભૂમી છે. પોતાના કર્તવ્યનુ નિષ્ઠાપૂર્વક પાલન કરી, પ્રભુનામનું શરણું લઈ. આપણી સંસ્કૃતીને આધીન રહી. જીવન ધન્ય બનાવીએ. જીવનમાં જ્યારે "રામ" ભુલાય છે. ત્યારે જ "કામ" આવે છે. સતસંગ કરીએ. પ્રભુ નામ લઈ પ્રભુમય બનીએ. □

હાસ્ય એ તંદુરસ્તી માટેની અણમોલ ભેટ

–ભીખાભાઈ પટેલ, જેતલપુર–અમદાવાદ.

હસવું એ આરોગ્યપ્રદ છે

હસવું એ અનિવાર્ય છે.

હાસ્ય જેવી તંદુરસ્ત કોઈ વસ્તુ નથી.

તમે તમારી તંદુરસ્તીના આ અંશ વિશે કદી વિચાર કર્યો છે ખરો ???

જો તમારી બધી જ ચિંતાઓ હૃદયમાં કરચલીઓ પાડતી હોય તો થોડા જ સમયમાં એ કરચલીઓ ચહેરા પર દેખાશે.

હાસ્ય તમને હળવા બનાવે છે.

હાસ્ય તમને હાશકારો આપે છે રાહત આપે છે.

નાહકની ઉપાધિઓમાંથી તમને મુક્ત કરે છે.

હાસ્ય એ તમારા સૌંદર્યનું પ્રસાધન છે અને ભીતર માટેનું ઉત્તમ ઔષધ છે.

જો તમારી રેખાઓ હાસ્યથી સદાય પ્રફુલ્લિત રહેશે તો તમારી ભૂખ ઉઘડશે, તમારાં લોહીનું દબાણ સમતલ રહેશે.

રમૂજ તમને ઔચિત્ય અને સમદૃષ્ટિ આપશે.

હાસ્ય અને રમૂજ ફક્ત તમારા શરીરની રાસાયણિક પ્રક્રિયાને જ નહીં પણ તમારી આસપાસના વાતાવરણને અસર કરશે, આનાથી તનાવ અને આંસુઓથી મન હળવાં થાય છે.

તમને ક્યારેક તમારી જિંદગી વધારે ભારેખમ લાગે છે ખરી ? એકાદવાર પ્રયત્ન તો કરી જુઓ જરા હસવાનો.......પછી કેવા હળવાફૂલ જેવા થશો !!

હસે તેનું ઘર વસે. તેની જીંદગી નિરોગી અને આનંદદાયી બને.

અને રોવે તે ખોવે. પછી પાછળથી પસ્તાય છે.

તો ચાલો હવેથી આપણે બધાં હસવાની ટેવ પાડીએ.

"પારખો"

ચંદન – ઘસવાથી પરખાય
કાપડ – પોતથી પરખાય
સુગંધ – કસ્તૂરથી પરખાય
સુખ દુઃખ – વેઠવાથી પરખાય
માણસ – ગુણોથી પરખાય
જ્ઞાન – અનુભવથી પરખાય
સ્વાદ – ચાખવાથી પરખાય
સોનું – ઘસવાથી પરખાય
બાળક – પારણામાંથી પરખાય
વહુ – બારણામાંથી પરખાય

સુવિચાર

સંકલન : વિનોદ એમ. પટેલ
પાલડી લાટ, અમદાવાદ

- માનવીએ પોતાના માતા પિતા અને ગુરૂની આજીવન યથાશક્તિ સેવા કરવી.
- પારકાના દોષનું દર્શન તે ભગવત્ પ્રાપ્તિમાં મોટું વિઘ્ન છે.
- કુટુંબની સમુહ પ્રાર્થના કુટુંબમાં એક્તા લાવે. બાળકોમાં સંસ્કાર સિંચે, અને કુટુંબનું કલ્યાણ કરે.
- પશુ દોરડાથી, પક્ષી પીંજરાથી, જીવ વાસનાથી અને પ્રભુ પ્રેમથી બંધાય છે.

ભજન

વિચારી લે માનવ !

–પ્રભુદાસ કાન્તિલાલ છાભૈયા
વિભાપર – કચ્છ

(રાગ : પગ મને ધોવા દયો રઘુરાય)

માનવ કરી લે વિચાર
દિવસ રહ્યા જીવનના હવે ચાર (૨)
સ્વાર્થી માનવ તો એવાં એ જોયા
જે શેરી એ શો અથડાય........(૨)
સાચો માનવ તેને રે કહિએ.........................(૨)
જે સુખ દુખમાં રહે રે સંગાથ... માનવ
આરે ભુલોકમાં મારૂ તારૂ કરી
સાચો સમય ના બગાડજી (૨)
અવસર મળ્યો છે મોઘો જીવનમાં (૨)
એને તુ શાને રે ગુમાવ........માનવ

એ આજકાલ કરી જીવન વિતાવ્યું
પણ સમર્યા નહી સદ્ગુરૂ સાહેબને...(૨)
જોત જોતામાં પુરાં થયા રે ....(૨)
જીવનના દિવસ ચાર..........માનવ

કામ ક્રોધ મદ મોહ છોડીને
સતને પંથે ચાલજી...(૨)
કરણી એવી ભરણી જગતમાં ....(૨)
પાછળથી તું પસ્તાય ....માનવ
ભોર ભયો ગઈ રૈન જાણી લાગ્યાં
તરસો ભવ સાગર પાર જી....(૨)
દાસની આશા એવી સુણો રે માનવી (૨)
તિમીરેથી આવો પ્રકાશ ....માનવ

ગુરુ–વંદના

–જીતેન્દ્ર એમ. પટેલ વાસણા (ખેડબ્રહ્મા)

બદલી બદલી દુનિયા હૈ મેરી ।
ઇનિ શ્રી ચરણો મેં આને સે ॥
જીવન કી જ્યોતિ જગી મેરી ।
પ્રભુ આપકી ગાથા ગાને સે ॥
તુમ મેરે પ્રભુ અપરાધ ક્ષમા કરો ।
જો અનજાને મેં હો જાતે હૈ ॥
હમ નાદાની મેં ખો જાતે હૈ ।
ઔર દીન-દુઃખી હો જાતે હૈ ॥
કર દો હમ પર અમૃત-વર્ષા ।
દીપ જ્ઞાન કા જલવા કર ॥
જબ તક સાંસ રહે તનમેં ।
રામ કા નામ જપે મનમેં ॥
ગુરુ ચરણો મેં પ્રીત બઢે ।
ઐસી કૃપા કર દો હમ પર ॥

ખોવાઈ જવું પડશે

સાગર જો થવું હોય તો છલકાઈ જવું પડશે,
ખારાશ ભરી હૈયે હરખાઈ જવું પડશે.
અજવાળું થઈ જગતમાં ફેલાઈ જવું હોય તો,
સુરજ થઈ અગ્નીમાં શેકાઈ જવું પડશે.
લેવું હશે સોનાના ઘરેણાનું જો રૂપ,
તો તાર થઈ પહેલાં ખેંચાઈ જવું પડશે.
થાવું હશે જખ્મોથી અળગાં જો જીવનમાંથી,
આંસુ થઈ આંખેથી રેલાઈ જવું પડશે.
ફૂલો થઈ કળીઓને ખીલવાની તમન્ના છે,
પણ તેને ખબર કયાં છે કરમાઈ જવું પડશે.
આઝાદ પ્રેમમાં એક એવો નિયમ પણ છે,
કંઈ પામવા ચાહો તો ખોવાઈ જવું પડશે.

–મુકેશ એમ. પટેલ
યોગેશ્વર કીરાણા સ્ટોર્સ
વડાલી (સા. કાં.)

જાગૃત જીવન

અશોક એસ. પટેલ
ભવાનીપુરા મોડાસા S. K.

જીંદગી નો એક-એક દિવસ વિતતો જાય છે. અને આપણું જીવન ઘટતું જાય છે. કાળ કોઈની પણ શરમ રાખતો નથી. તેથી આપણે ગફલતમાં રહીશું તો જીવનનું વ્યય થઈ જશે. અને ઘણા પૂણ્યથી મળેલો આ મનુષ્ય અવતાર એળે જશે શું આપણે આવી મુર્ખતા કરીશું? નહીં ને તો ચાલો આપણે આ ચાર (૪) કાર્યનો જરૂર ઉપયોગ કરીએ.

(૧) શરીરનો સદ્‌પયોગ :

પોતાને ભાગે આવેલી મા-બાપ 'ગુરૂ' ગરીબોની તેમજ રાજાપ્રજાની સેવા કરીએ. અને તે પણ સમય સર, સચોટ રીતે,

દુઃખીની, વૃદ્ધોની, સંતો મહંતોની, દર્દીઓની, પશુ અને પક્ષીની અને કોઈપણ પીડાગ્રસ્ત હોય તેમની સેવા કરીએ.

(૨) વાણીનો સદ્‌પયોગ :

સૌની સાથે પ્રસન્ન સ્વભાવે, પ્રેમપૂર્વક, બોલીએ, હંમેશા મીઠી અને મૃદુવાણી નોજ વ્યવહાર કરીએ. નાના-મોટા સૌની સાથેના જીવન પ્રસંગોમાં કોમળ અને હિતકારી વાણી (વચનો) જ બોલીએ.

(૩) ધનનો સદ્‌પયોગ :

ન્યાય નિતિ પૂર્વક પ્રાપ્ત થયેલી કમાણીનો લગભગ ૫% હિસ્સો કલ્યાણનાં કાર્યોમાં વાપરીએ. અન્નદાન, જ્ઞાનદાન, કપડાદાન, ચક્ષુદાન, અભયદાન, ધાર્મિક સંસ્થાઓમાં ચાલતા અન્ન પૂર્વઠા દાન એમ વિવિધ પ્રકારે દાન આપીએ સમાજના ઋણથી મુકત થઈએ.

(૪) મનનો સદ્‌પયોગ :

મન દ્વારા ચિંતન કરનારો જે હૃદયમાં બેઠો છે. તેજ આપણી મૂળ જાત છે. નિરંતર રૂડા સમગ્ર સૃષ્ટિનું હિત થાય તેવા જ વિચારો કરીએ. પોતાનું કર્તવ્ય શું છે. તે ફરી ફરી યાદ કરી જઈએ. પોતાનું કર્તવ્ય શું છે. તે જાતે જ નક્કી કરી લઈએ. પોતે પુરૂષાર્થ કરીને મનને સદ્‌વાંચન જેવા કે સતપંથને ને લગતા સાહીત્ય, ભજન, સત્સંગ, વગેરે અને સદ્‌ગુરૂના સમાગમનો ખોરાક અવશ્ય પ્રાપ્ત કરીએ.

આમ તન-મન-ધન વચન વગેરે પ્રાપ્ત થયેલાં સૌ સાધનોનો જાગૃતિ પૂર્વક ઉપયોગ કરવાથી પોતાને શાંતિ મળશે. તેમજ પાપ પ્રવૃતિઓ ઘટશે. અને દિવ્ય જીવન જીવવા માટેની એક અદ્‌ભુત અને બળવાન શ્રદ્ધા જાગશે. ધીમે-ધીમે તે જીવનના સમસ્ત કાર્યકલાપોમાં વ્યાપ્ત થઇ જઈ વધારે જ્ઞાન-પ્રકાશ અને પરમાત્મા દર્શનનો લાભ થશે.

બસ હવે તો આજ છે આપણા જીવનનો વ્યય અટકાવવા માટેનો સાચો રાહ, અને આજ છે સાચા જાગૃત જીવનનું મીઠું ફળ.

સુવિચાર

સંકલન : વિનોદ એમ. પટેલ
પાલડીલાટ, અમદાવાદ

- સજ્જનતા જાળવવા માટે જીવનભર જાગૃત રહેવું પડે છે, દુર્જન બનવા માટે એક મિનિટ પણ પૂરતી છે.
- પાપ કરવું તે ગુનો છે પણ કરેલા પાપ માટે પશ્ચાતાપ ન થાય એ મોટો ગુનો છે.
- સ્નાનથી તનની, દાનથી ધનની અને ધ્યાનથી મનની શુદ્ધિ થાય છે.

કિંમત નથી....?

—શૈલેષ જી. પટેલ ગાડુકંપા, ખેડબ્રહ્મા S.K.

જીવનતણી કિંમત નથી, વિપત્ત અને સંકટ વિના,
સુમન તણી કિંમત નથી, સુગંધ અને કંટક વિના.

સૌન્દર્યની કિંમત નથી, શીલ ને સદ્ગુણ વિના,
આ દેહની કિંમત નથી, ચૈતન્યના સંપાદન વિના.

પ્રારબ્ધની કિંમત નથી, પુરુષાર્થ ને પરિશ્રમ વિના,
વૈરાગ્યની કિંમત નથી, સાચા હૃદયના ગમ વિના.

મહોબત્ત તણી કિંમત નથી, નીજ દિલ કુરબાની વિના,
બેકાર છે આ જીવવું, ઇશ્વર તણી કૃપા વિના.

વિચારની કિંમત નથી, આચારમાં મુકયા વિના,
સુખની કિંમત નથી, દુઃખ દર્દની પીડા વિના.

વિત્તની કિંમત નથી, સંતોષ ને શાન્તિ વિના,
કાયા તણી કિંમત નથી, આવી નહીં કંઈ કામમાં.

✿

સાહિત્ય, સંગીત અને કલાનું મહત્વ

—જયેશ જે. પટેલ
માળકંપા, મેઘરજ (સાબરકાંઠા)

જેમ સાડીના શણગાર માટે કલર કિનાર અને પાલવ હોય છે, તેમ જીવનના આનંદ માટે સાહિત્ય, સંગીત અને કલા હોય છે, એવી માન્યતા દુનિયામાં બધે છે. કલર કિનાર કે પાલવ વિના સાડી બની શકતી નથી એમ નથી, છતાં એ હોય ત્યારે જ આપણને સાડી સાડી જેવી લાગે છે. તે જ પ્રમાણે સાહિત્ય, સંગીત અને કલા વિના જીવવું શક્ય હોવા છતાં આપણે એને જીવનનું નામ નહીં આપીએ. કલર કિનાર અને પાલવ એ સાડીનો આકર્ષક ભાગ છે, પણ મુખ્ય ભાગ નથી. એકલા કલર કિનાર અને પાલવને કોઈ ઓઢી ન શકે. એકલા કલર કિનાર અને પાલવ ગમે તેટલાં સુંદર હોય તોય એ શોભે નહીં. સાડી છે તે માટે તો કલર, કિનાર અને પાલવનું મહત્વ છે. સાડીથી એ કૃતાર્થ થાય છે. કલા તો જીવનના શણગાર તરીકે જ શોભે અને કૃતાર્થ થાય. સાહિત્ય, સંગીત અને કલા એ ત્રણેય એક-બીજાનાં પરમ મિત્ર છે. એક કૂટુંબી છે. એમના પરસ્પર સહકારથી જીવન પરમ સ્મરણીય અને સુવાસીત થાય છે.

ગુરૂજીના સ્વાગત ગીત

–રમિલાબેન એમ. ધોળુ
કોટડા (ચ) કચ્છ

આવ્યા રે આવ્યા ગુરૂદેવ
ગુરૂ તમારા સ્વાગત કરવાને
અમે આવીયા રે
સુદીર સરખા સ્વાગત કરીયે
સેવકનો નહી પાર
સ્વાગત કરે તમારા બાળ. ગુરૂ તમારા...
સાધુ સંતના સ્વાગત કરતા
આનંદ આનંદ થાય
હૈયામાં હરખ ન માય. ગુરૂ તમારા...
કુલડા કેરી થાળી ભરી
ચંદનનો નહી પાર
કુલડે વરસાવું વરસાદ. ગુરૂ તમારા...
દૂર દૂરથી સંત પધાર્યા
તેજ તણો નહી પાર
વરતાય જય જય કાર. ગુરૂ તમારા...
ગુરૂ તમારી દયા હતી ને
કર્યા છે મોટા કામ
પાવન કર્યા પીરાણા ધામ ગુરૂ તમારા...
ભુલ અમારી માફ કરો
અમે છીએ નાનેરા બાળ
અમને છે તમારો વિશ્વાસ. ગુરૂ તમારા...

*

ભજન

કલ્પના મણીલાલ પટેલ
માળકંપા–મેઘરજ

ચાલો ચાલો પીરાણા ધામ જઈએ
મારા ગુરુજીના દર્શન થાય મહારાજ....ચાલો

ત્યાં ધોળી ધજાઓ ફરકે છે,
તે જોઈને મનડું હરખે છે.
ત્યાં આનંદ આનંદ થાય મહારાજ....ચાલો

ત્યાં માનવીનો મેળો ભરાય છે,
ત્યાં ધૂપ–દીપ નિત–નિત થાય છે.
ત્યાં દુઃખીયાના દુઃખ દૂર થાય મહારાજ....ચાલો

ત્યાં મનડું મળવાને જાય છે,
ત્યાં દૂરથી દર્શન થાય છે.
ત્યાં શરીરનાં ખોડ ખાંપણ જાય મહારાજ....ચાલો

ત્યાં સેવકો સઘળા આવે છે.
ત્યાં પ્રેમથી પ્રસાદ ધરાવે છે.
ત્યાં મનની માનતા ઊતરે મહારાજ રે....ચાલો

દેવળમાં સદ્‌ગુરૂ બિરાજે છે,
સાચા સેવકો નિહાળે છે.
એના અંતરમાં દર્શન થાય મહારાજ રે....ચાલો

□

❋ સત્સંગ ❋

–દિનેશ પી. પટેલ
ધોળીવાવ (વિજયનગર)

પુષ્કળ ગરમીમાં જ્યારે વરસાદ પડે છે. ત્યારે આ ધરતી શિતળ બની જાય છે. અને ચારે બાજુ હરિયાળી છવાઈ જાય છે. એવી જ રીતે સત્સંગ રૂપી વર્ષાના બિંદુઓથી જ્યારે આપણે ભીંજાઈશું. ત્યારે જ આપણું મન શાંત થશે અને આપણા જીવનમાં હરિયાળી છવાઈ જશે.

જો ધનથી સુખ મળી જતું હોય તો ગૌતમબુદ્ધને રાજપાટ છોડવાની શી જરૂર હતી ? સાચું સુખ તો ફક્ત પ્રભુ ભજન કરવાથી જ પ્રાપ્ત થશે. આજનો માણસ પોતાના દુઃખથી નહિ પરંતુ બીજાના સુખથી દુઃખી છે.

* સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ ગુરુમંત્ર *

-પંકજ કે. ભીમાણી નાસિક

સર્વ મંત્રોમાં ગુરુમંત્ર એ સર્વશ્રેષ્ઠ અને સર્વોત્તમ મંત્ર છે. તેનાથી સાધકનું કાર્ય વધારે સરળ અને થોડા શ્રમથી સાધ્ય બને છે. ગુરુ સમાન અન્ય કોઈ ઈષ્ટ નથી અને ગુરુ-મંત્રના જપથી જ અસંખ્ય સાધકો કે ઉપાસકો સર્વ પ્રકારનું સુખ પ્રાપ્ત કરી શકયા છે. ગુરુમંત્રના જપ દ્વારા મનુષ્ય ધર્મ, અર્થ, કામ અને મોક્ષપદની પ્રાપ્તી અને ભગવાનના દર્શન કરી જન્મ મરણથી રહીત થઈ જાય છે. એમ શાસ્ત્ર કહે છે અને ઋષિમુનિઓના વચન તદ્દન સત્ય હોય છે.

અપૂર્વ શક્તિઓથી પરિપૂર્ણ સર્વ મંત્રોમાં ગુરુમંત્રનું સ્થાન સર્વોચ્ચ છે, તેનાથી મળતી સિદ્ધીઓથી આશ્ચર્યાન્વિત થઈ નેજ આપણા ઋષિ મુનિઓએ ગુરુમંત્રને મંત્રરાજ કહીને એના પ્રત્યે પોતાની અટલ ભક્તિ અને શ્રદ્ધા વ્યકત કરી છે. આપણા સદગુરુ શ્રીઈમામશાહ મહારાજે કહ્યું છે કે નિયમીત રૂપે શુદ્ધ ઘીની જ્યોત પ્રગટાવી તેના સન્મુખ શ્રદ્ધા પૂર્વક એક ધ્યાનથી ગુરુમંત્રનો જપ કરવામાં આવે તો મન પરમશાંત તથા નિર્મળ બને છે એટલું જ નહી મનુષ્ય મુકતીના પથ તરફ પ્રયાણ કરે છે.

જે મનુષ્ય ગુરુમંત્રના જપ નેજ પોતાનું જીવન કર્તવ્ય સમજે અને રાત દીવસ એજ મંત્ર જપને પોતાની નોકરી, ચાકરી, વ્યાપાર અને સર્વસ્વ સમજીને ગુરુમંત્રના અજંપા જાપ કર્યા કરે તો તેના માટે સંસારમાં કોઈ પણ વસ્તુ અલભ્ય નથી, તેની દરેક કામના પૂર્ણ થઈને જ રહે છે.

ગુરુ એજ બ્રહ્મ છે અને બ્રહ્મ એજ ગુરુ છે.

ગુરુ એ મહા બળવાન શક્તિ છે.

ગુરુ મંત્ર એ ભૂલોમાં કલ્પવૃક્ષ સમાન છે.

ગુરુ મંત્ર એ દુઃખ દૂર કરવાનો રામબાણ પ્રયોગ છે.

ગુરુ મંત્ર એવો પરસમણી છે કે જે પતીતોને મહાન બનાવે છે.

અને કથીરને કંચન બનાવે છે.

ગુરુ મંત્ર એ સર્વ દુઃખ વિદાયની અમૂલ્ય જડી બૂટ્ટી છે.

SATPANTH JYOT (MONTHLY) JULY-1995 Regd. No..........

"સતપંથ જ્યોત" અંક વિષે

-મનુભાઈ આર. પટેલ
ગાજણકંપા-મોડાસા S.K.

(રાગ-છોડ ગયે બાલમ...)

મને એક લગની લાગી, સતપંથ જ્યોત અંકની
મારી યાદ તાજી, એ પ્રગટ દિવસ દર માસિકની
ભાવ ભકિતને જ્ઞાન ભરેલા, લેખ અનોપમ આવે,
અથ (વેદના ધર્મ ગ્રંથોનો, સાર સરળ સમજાવે,
કંઈક બન્યા એના ગ્રહાગી,
સતપંથ જ્યોત અંકની....મને....

સતસંગતનો અનેરો લ્હાવો, માસે માસે થાવે
દિન ઉગે ત્યાં મનને થાવે, "અંક ક્યારે આવે,
જાણે પ્રેમ અનુરાગી,
સતપંથ જ્યોત અંકની...મને....

મુખ પેજની શોભા નિરાળી, મનને બહુ હરખાવે,
જાણે સતપંથ ધર્મનો ભાનુ, ઉગ્યો નિશ્ચય આજે,
મારી ભૂલ ભ્રમણા ભાગી,
સતપંથ જ્યોત અંકની....મને....

કરમ ધરમ નો ભરમ ભગાવી, ભક્તિનો ભેદ ભણાવે,
હું કોણ ને મારા કર્તા કેવા, ભાગ ત્યાગ જણાવે.
જીવ મુક્તિ મળે માગી,
સતપંથ જ્યોત અંકની....મને....

જ્યોત છે એ અખંડ જ્યોતિ, માસિક મોઘું જાણો,
હિરા મોતીની કિંમત કરવા, ઝવેરી બનીને પરમાણો,
મમતા વાદને ત્યાગી,
સતપંથ જ્યોત અંકની....મને...

પરમ ગુરુના આત્મ જ્ઞાનનો, પ્રચાર વિશ્વમાં કરવા,
ગુરુ કરશનદાસે સમય વિચાર્યો,
કર્તા વિયોગને હરવા

દાસ "મનુ" એ જોયુ જાગી,
સતપંથ જ્યોત અંકની....મને...

□

From :-
સતપંથ જ્યોત
C/o. સતપંથ પ્રકાશન સમિતિ
પ્રેરણાપીઠ, પીરાણા, તા. દસક્રોઈ,
જિ. અમદાવાદ-382425.



To,

Printed-Book

Book-Post